# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... FORTNIGHTLY સળંગ વર્ષ ૯૩મું

VOLUME : 21 • ISSUE : 11 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH JANUARY 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનું ચતુર્થ સંમેલન



જ્ઞાતિજનોને આશીર્વચન આપતા તપચક્રવતિ અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.



જ્ઞાતિના દિવ્યાંગો દ્વારા દિપપ્રાગટ્ય પ્રસંગે ઉપસ્થિત સમસ્ત મહાજનના પદાધિકારીઓ




ચતુર્થ સંમેલનના મુખ્ય સહયોગી શેઠશ્રી હંસકુમાર બી. ખીમજીનું અભિવાદન કરતા સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ




સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ, જ્ઞાતિના પાંચે એકમના પદાધિકારીઓ સાથે

# સાત દાયકા પૂર્વે જ્ઞાતિમાં શિક્ષણ જ્યોતને ઉર્ધ્વગામી બનાવનારા
# શિક્ષણપ્રેમી ઉદારદિલ દાનવીર
# શેઠશ્રી લક્ષ્મીચંદ લાલજી રામજી લાલકા ને
# શતકીય જન્મ જયંતિ નિમિત્તે સ્મરણાંજલી



## લક્ષ્મીચંદ શેઠ (ગામ : લાલા)

જન્મ : તા. ૧૦/૧/૧૯૧૯ – અરિહંત શરણ : તા. ૨૭/૧/૨૦૦૦

## શિક્ષણ પ્રગતિની બહુ આયામી શક્તિ છે...

શ્રી લક્ષ્મીચંદ શેઠના પિતાશ્રી લાલજી રામજી એવો મત ધરાવતા હતા કે વ્યક્તિની પ્રગતિનો આધાર શિક્ષણ જ છે, અને એ માટે, ખાસ કરીને જ્ઞાતિમાં શિક્ષણના મહત્ત્વનો પ્રસાર થવો જરૂરી છે. પિતાશ્રીના એ વારસાને શ્રી લક્ષ્મીચંદ શેઠે સરળતાથી દીપાવ્યો, પરિણામે આજે આપણી જ્ઞાતિના સંખ્યાબંધ પરિવારો સમાજમાં આદરણીય સ્થાન ધરાવતા થયા છે. એમની પ્રગતિ અને ઉન્નતિમાં કોઈ ન કોઈ અંશે પૂ. શેઠ શ્રી લાલજી રામજી અને લક્ષ્મીચંદ શેઠનો ફાળો અવશ્ય હશે.

આ પ્રસંગે લક્ષ્મીચંદ શેઠની એક વાત યાદ કરવા જેવી છે તે એ કે માણસે એવા કામ કરવા જોઈએ કે સમય સાથે એના ફળ વધુને વધુ લોકોને મળતા રહે. તેઓ પોતાના આ સિદ્ધાંતને સદા અનુસરતા રહ્યા હતા. જેના અનેકઘણા ફળ જ્ઞાતિને વિવિધ સ્વરૂપે મળતા રહ્યા છે અને આગળ પણ મળતા રહેશે એવો વિશ્વાસ છે.

**સમગ્ર જૈન સમાજની સર્વપ્રથમ બુક બૅન્ક**

સર્વ પ્રથમ તો વર્ષ ૧૯૩૯માં શેઠશ્રી લાલજી રામજીએ એ સમયની ખૂબ મોટી રકમ રૂપીયા ચાર લાખના ફંડ સાથે લાલજી રામજી ચેરીટેબલ ટ્રસ્ટ ફંડની સ્થાપના કરી. ટ્રસ્ટનો મુખ્ય હેતુ શિક્ષણ સહાયનો. એના નેજા હેઠળ બુક બૅન્ક યોજના શરૂ કરવામાં આવી. આ બુક બૅન્કનું સંચાલન ૧૯૬૦-૬૧માં ક.દ.ઓ. જૈન વિદ્યાર્થી સંઘને સોંપી દેવાયું જે આજ પર્યંત સુચારૂ રીતે ચાલુ છે.

પાઠ્ય પુસ્તક ઉપરાંત વિદ્યાર્થીઓને – ખાસ કરીને બાયોલૉજી કે મેડીકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને 'ડિસેક્શન બૉક્સ'ની જરૂર રહેતી. જો કે બુક બૅન્ક સ્કીમમાં આનો સમાવેશ ન હતો. તે શેઠશ્રી પોતાની પેઢીમાંથી અંગત રીતે સીધા નાણા આપી દેતા.

**અંગ્રેજી કોચિંગ, કારકિર્દી સેમીનાર અને આઈ ક્યૂ ટેસ્ટ**

૫૦-૬૦ વરસ પહેલાં શિક્ષણ મોટે ભાગે ગુજરાતી માધ્યમમાં, જો કે અંગ્રેજી માધ્યમની શાળાઓ હતી, પણ

બહુસંખ્ય વિદ્યાર્થીઓ ગુજરાતી માધ્યમની શાળાઓમાં ભણતાં. તે સમયે લક્ષ્મીચંદ શેઠ આ વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં નબળા ના રહે અને ઉચ્ચ શિક્ષણના અંગ્રેજી માધ્યમના અભ્યાસક્રમમાં તકલીફ ન પડે એ માટે અંગ્રેજીનો પાયો મજબૂત કરવા વેકેશનમાં કોચિંગ ક્લાસની વ્યવસ્થા કરી. ઉચ્ચ શિક્ષણ માટે યોગ્ય પસંદગીના ઉદ્દેશ્યથી કારકિર્દી સેમીનાર અને આઈ ક્યૂ ટેસ્ટનું આયોજન કરાવી સંબંધિત વિદ્યાર્થીઓ તેમને અનુકૂળ અભ્યાસક્રમ અને કેરિયર પસંદ કરી શકે એવી ગોઠવણ કરી આપેલી.

**ઋણ પ્રતિદાન : એલાઈના કેસરી દંડ એજ્યુકેશનલ ફંડ**

શ્રી લક્ષ્મીચંદ શેઠે વિદેશમાં શિક્ષણ મેળવવા લોન સ્કોલરશિપનું આયોજન કર્યું. આ યોજના હેઠળ અનેક વિદ્યાર્થીઓએ લાભ લીધો જેમાં સર્વપ્રથમ લાભ લેનાર હતા શ્રી કેસરસિંહ શાંતિલાલ છેડા. તેમને શ્રી લાલજી રામજી ચેરીટેબલ ટ્રસ્ટ ફંડની લોન સ્કોલરશિપ સ્કીમ હેઠળ આર્થિક સહાય મળતા તેઓ યુએસ ગયા. ત્યાં સ્થાયી થયા. આર્થિક સમુદ્ધિ હાંસલ કરી. શ્રી લક્ષ્મીચંદ શેઠની પ્રેરણાથી પોતાની મોટાભાગની સંપત્તિ દ્વારા શ્રીમતી લક્ષ્મીબાઈ શાંતિલાલ છેડા અને એલાઈના કેસરી દંડ એજ્યુકેશનલ ટ્રસ્ટની સ્થાપના કરી. તેમને મળેલા લાભના પ્રતિદાન સ્વરૂપે ઉપરોક્ત ટ્રસ્ટ મારફત ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ, આર્થિક સહાય આપવાનું શરૂ કર્યું.

**શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય**

આ છાત્રાલય નો પ્રારંભ પણ લક્ષ્મીચંદ શેઠના સહયોગથી જ શક્ય બન્યો. આ સંસ્થા પગભર થઈ ત્યાં સુધીના લગભગ ૩૫ વર્ષના ગાળામાં લાખો રૂપીયાની સહાય આપી. ૧૯૫૪માં સ્થાપિત થયેલી આ સંસ્થા ૧૯૫૯માં વિધિવત કાર્યરત થઈ જ્ઞાતિની કન્યાઓના વિકાસમાં ખૂબ જ ઉપયોગી સિધ્ધ થઈ છે.

**ઉત્કર્ષ ટ્રસ્ટ**

૧૯૭૪માં જ્ઞાતિના જરૂરિયાતમંદ બાળકોને શાળાના અભ્યાસક્રમની પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ કરાવવા માટે ઉત્કર્ષ ટ્રસ્ટની સ્થાપનામાં મહત્ત્વનો ફાળો આપ્યો. આ ટ્રસ્ટ માટે તેમણે પોતાના શ્વસુર શ્રી કાનજી ભાણજી મોતાની મિલકત પોતાની પત્ની શ્રીમતી ધનબાઈના સહયોગથી ઉત્કર્ષ ટ્રસ્ટને સોંપી ટ્રસ્ટની ક્ષમતા વધારી.

**શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ**

૧૯૪૭માં શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટની રચના થઈ તેના ફંડમાં શ્રી લક્ષ્મીચંદ શેઠનો સિંહભાગ હતો. ઉપરાંત તેના આજીવન ટ્રસ્ટી અને પ્રમુખ પદે રહી હજારો વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં સહાયભૂત થઈ જ્ઞાતિના આર્થિક ઉત્થાનમાં પરોક્ષ ફાળો આપ્યો.

જ્ઞાતિની ખાસ કરીને મુંબઈ સ્થિત દરેક પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ તેમજ કચ્છમાં નલિયા સ્થિત શેઠશ્રી નરસીનાથા કચ્છી જૈન બાળાશ્રમના ટ્રસ્ટી, મેનેજિંગ ટ્રસ્ટી, પ્રમુખ જેવા પદે રહી આજીવન સેવા આપતા રહ્યા.

**જ્ઞાતિની રહેઠાણ સમસ્યા**

લક્ષ્મીચંદ શેઠ જ્ઞાતિની રહેઠાણ સમસ્યાના ઉકેલ માટે પણ સદા પ્રયત્નશીલ રહ્યા. સન ૧૯૬૫માં અંધેરી વેસ્ટ ખાતે ફ્રેન્ડસ હોલ સોસાયટીનું નિર્માણ હાથ ધર્યું.

અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે જ્ઞાતિજનોની રહેઠાણ સમસ્યા ઉકેલવા પ્રયાસ કર્યા તથા મહદ્અંશે સફળ રહ્યા.

**સાદગીભર્યું જીવન, મહાત્મા ગાંધીના આશીર્વાદ**

શેઠ લક્ષ્મીચંદ જ્ઞાતિના એક ટોચના શ્રીમંત કુટુમ્બના સભ્ય હોવા છતાં સદા સાદગીભર્યું જીવન જીવ્યા. આજીવન ખાદીના વસ્ત્રો પહેર્યા એની પાછળ એક મહત્ત્વની ઘટના છે.

૧૯૩૦માં મહાત્મા ગાંધીએ દાંડી ખાતે નમક સત્યાગ્રહ શરૂ કર્યું. એ વિખ્યાત 'દાંડી કૂચ'ના માર્ગમાં શેઠ લાલજી રામજીની પ્રિય એવી જંબૂસર ખાતેની તેમની અમદાવાદી જિન તરીકે ઓળખાતી જિનિંગ પ્રેસમાં દાંડી કૂચમાં ભાગ લેનારાઓના વિશ્રામ અને ભોજનની વ્યવસ્થા કરાઈ હતી. તે વેળા લક્ષ્મીચંદ શેઠ પણ પિતાશ્રી લાલજી રામજી સાથે ઉપસ્થિત હતા. ગાંધીજીએ તેમના માથે હાથ મૂકી આશિર્વાદ આપ્યા. ત્યારથી લક્ષ્મીચંદ શેઠ સદા ખાદીના વસ્ત્રો પહેરતા થયા.

જંબુસરની જિનના મકાનને સ્વરાજ ભવન સ્મારક તરીકે વિકસાવવાનો રાજીવ ગાંધીએ નિર્ણય કર્યો હતો. જ્યાં ૧૯૮૮માં ઉપરાષ્ટ્રપતિ ડૉ. શંકર દયાલ શર્માએ શિલાન્યાસ વિધિ સાથે તખ્તીનું પણ અનાવરણ કરેલું, છતાં અનેક કારણોસર આ સ્મારક સાકાર થઈ શક્યું નહીં.

સાદું જીવન, જ્ઞાતિમાં શિક્ષણ પ્રસારના ભેખધારી લક્ષ્મીચંદ શેઠે લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ તથા વીરજી લધાભાઈના વીલના એક્ઝીક્યુટરની ફરજ બજાવી. શેઠશ્રી લક્ષ્મીચંદ લાલજી રામજી પિતાશ્રીના વિચારો આત્મસાત કરી વારસો દીપાવનારા વિરલ વ્યક્તિ હતા. એમની સેવાઓની કદર રૂપે હુબલી ખાતે યોજાયેલા બીજા સંમેલનમાં બહુમાન કરવામાં આવ્યું તથા ઘાટકોપર ખાતે યોજાયેલા ત્રીજા સંમેલનમાં સમાપનના દિવસે ખાસ પ્રમુખપદે શોભાવ્યું.

આમ શેઠ શબ્દને સાચા અર્થમાં ચરિતાર્થ કરનારા, સદા સમાજ હિતચિંતક શેઠશ્રી લક્ષ્મીચંદ લાલજી રામજીને તેમની ૧૦૦મી જન્મ જયંતિ નિમિત્તે શત કોટિ વંદન.

– કેસરસિંહ ખોના, તંત્રી મંડળ સભ્ય

# લગ્ન સંબંધી

USA થી ટૂંક સમય માટે આવે છે.

## ચિ. તુષાંક



ડૉ. વર્ષા CA ગીરીષ કાનજી દંડ

**(કચ્છી દશા ઓસવાલ જૈન)**

Birth Date : 23-9-1990
Height : 5'10"
Education :
MS in Computer Science
Rochester University, USA

**Working with**
**Mircrosoft**
**Seattle, USA**
Visa : H1B - Green Card applied

અમેરિકા અભ્યાસ કરેલ અથવા જવા ઈચ્છુક HIGHLY EDUCATED યુવતીઓના વડીલો તરફથી સંપર્ક આવકાર્ય...

CA Girish : 98330 65308 / 88505 98395
Dr. Varsha (Ph.D.) : 98709 65304
Email : gkdandpers@gmail.com
(મુંબઈ – વડાલા)

જાહેરાતનો હેતુ યોગ્ય પસંદગી

BINITA S. MARU - 9869034182

# ખોબલે... ખોબલે... હાર્દિક વધામણા



## PHD ડૉ. વર્ષા
## CA ગીરીષ દંડ
(લાખણીયા - વડાલા)

૫૪ વર્ષની ઉંમરે Mumbai University માંથી PHD in "Jain and Patanjali Yoga - Comparative and Critical Study" પૂર્ણ કરેલ છે.

માઁ સરસ્વતી દેવી તથા દેવ-ગુરૂ ભગવંતોની અસીમ કૃપા અને વડીલોના આર્શીવાદથી પ્રબળ સામર્થ્ય અને પુરૂષાર્થના યોગે મળેલ સોનેરી સફળતાની પ્રશંસા કરતાં અમે બધા ખૂબ ખૂબ આનંદની અનુભૂતિ સાથે પ્રગતિના યશનામી સોપાનો સર કરજે એવી શુભેચ્છાઓથી બિરદાવીએ છીએ.

: લી. :

| | |
|---|---|
| સુપુત્રો | : ભાવિક (MBA) અને તુષાંક (MS - USA) |
| સાસુ-સસરા | : વિજયાબેન કાનજી કલ્યાણજી દંડ |
| માતા-પિતા | : મણીબેન નારાણજી ભવાનજી ધરમશી (કોઠારા) |
| નણંદ-નણંદોઈ | : પુષ્પાબેન કિરણભાઈ પટેલ (મોટી સિંધોડી) |
| દેર-દેરાણી | : અનસુયાબેન ખુશાલ દંડ, રક્ષાબેન CA કિશોર દંડ, અનીતાબેન જીતેન દંડ |
| ભાઈ-ભાભી | : સંગીતા વિજય ધરમશી |
| બેન-બનેવી | : હીના રાજુ દેઢિયા, હર્ષા શશીકાંત ખોના, અલ્પા હીરેન શાહ |

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ



*It's been a year*
*Since you left us*
*The way we miss you today is different now*
*We hope you know*
*How much you meant to us*
*We think about you everyday*
*We love you and miss you*
*In our own special way...*



**સ્વ. હસુમતી યશોધન અજાણી**

જન્મ : તા. ૧૮-૯-૧૯૪૯
અરિહંત શરણ : તા. ૨૪-૦૧-૨૦૧૮

પ્રભુ આપના દિવ્ય આત્માને
પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**આપના પરિવારજનો**

માતુશ્રી નવલબેન શીવજી મોતા પરિવાર (હૈદરાબાદ)
માતુશ્રી ધનબાઈ જીવરાજ અજાણી પરિવાર (ચેન્નઈ)
માતુશ્રી લીલાવતી સોમચંદ નાગડા પરિવાર (પુના)
હસ્તે : મીરા જયેશ નાગડા

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
ઉદયન લાલજી લોડાયા
કેશરસિંહ આણંદજી ખોના
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. ૧૧**
**Date : 05-01-2019**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

**સમય : બપોરે ૧ થી ૪ ફક્ત**
**શનિ./રવિ. અને જાહેર રજાના બંધ**

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com

## તંત્રી સ્થાનેથી

*સૌ પ્રથમ આપ સૌને વર્ષ ૨૦૧૯ સુખ શાંતિ દાયક બની રહે એવી શુભકામનાઓ.*

*મને લાગે છે કે અનેક આશાઓ અને જ્ઞાતિ માટે સમર્પિત થવાની ભાવનાઓ જગાવતા સકારાત્મક પરિવર્તનનો યુગ આવી રહ્યો હોય તેવી ક્ષિતિજે ઉઘડી રહી છે.*

*સંમેલન કાર્પોરેટ ધોરણે આયોજીત થયો. સંમેલન ખંડ, સાઉન્ડ સીસ્ટમ, બેઠક વ્યવસ્થા, ભોજન વ્યવસ્થા ખૂબજ સુંદર અને સુવિધાજનક હતા. કાર્યક્રમની સંપૂર્ણ રૂપરેખા દરેક ભાગ લેનારને આપવામાં આવી હતી. રહેઠાણ અને વાહન વ્યવહારની વ્યવસ્થા અંગે થોડી અનિયમિતતા સિવાય સર્વાંગી સુંદર વ્યવસ્થા હતી. સંમેલનના છેલ્લા દિવસે આવક-જાવકની માહિતી આપવામાં આવશે એવી જ્ઞાતિજનોને અપેક્ષા હતી પરંતુ તેમ થયું નહિં.*

*સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈ દંડ આપણી જ્ઞાતિના એક ઉગતા સિતારા છે. તેમનો દૃષ્ટિકોણ વિસ્તૃત છે અને જ્ઞાતિને નવા આયામો તરફ લઈ જવા ઈચ્છે છે. આપણા સૌના હિત માટે નવા ધ્યેયો હાંસલ કરવાના તેમના પ્રયાસો માટે તેમને આપણા સૌ કેડીઓનો સાથ-સહકાર જરૂરી છે. સંમેલનમાં હજારો જ્ઞાતિજનોની સામે પ્રકલ્પોને પરિપૂર્ણ કરવાના શપથ લેનારા જ્ઞાતિજનો પણ જ્ઞાતિના સિતારાઓ છે.*

*બધા મેનેજીંગ ટ્રસ્ટીઓ અને ચાર મંત્રીઓએ પણ ખૂબજ જહેમત ઉઠાવી આ સંમેલનને યાદગાર બનાવ્યો. સર્વે યુવાન કાર્યકર્તાઓ તથા સદા યુવા એવા 'હંસભા' ને ખૂબ ખૂબ અભિનંદન-સલામી.*

*કોઈપણ બાબત અંગે તુરંત કાર્યવાહીની રૂપરેખા તથા ટીમની પસંદગીમાં લોકશાહી અભિગમ એ આ સંમેલનનો સૌથી સારો ભાગ હતો.*

*બધા ઠરાવો નિકટના ભવિષ્યમાં હકીકતમાં પરિણમે એ માટે સમય અને શક્તિ કામે લગાડવા પડશે. મને ખાત્રી છે કે જે સંમેલન માટે આટલું ધન અને સમય ખર્ચાયો છે એવું આ સંમેલન ફક્ત મેળાવડો નહિં બની રહે.*

*આપણે સૌએ સાથે મળી કામ કરવાનો અને તે દ્વારા વિકાસ અને સુખ સંપાદન કરવાનો આ સમય છે. આપણી જ્ઞાતિના ઉગતા સિતારાઓ સાથે મળી આપણા જ ભાઈ-બહેનોની આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવા આગળ વધીએ.*

**- હિરાચંદ દામજી દંડ**
hirachanddand@gmail.com

### ચર્ચાને ચોતરે

સર્વ વાચકોને નમ્ર વિનંતિ છે કે આપણી જ્ઞાતિને લગતી સમસ્યાઓ અને પ્રગતિ વિશે 'ચર્ચાના ચોતરે' વિભાગ માટે મુદાસર અને ટુંકમાં નિયમિત રીતે લખતા રહેશો. લખાણ સાથે આપનું પુરૂં નામ-સરનામું-ફોન નંબર-ઈમેઈલ મોકલવા જરૂરી છે. અલબત્ત વ્યક્તિગત આક્ષેપ કે નિંદાત્મક લખાણ પ્રકાશન યોગ્ય નહીં ગણાય.

**- તંત્રી મંડળ**

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

Mob.: 7666688881 / 7666622229


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.




ક.દ.ઓ. જ્ઞાતિ માટે એક સુવર્ણ ઇતિહાસ રચાઇ ગયો. ૨૭-૨૭ વર્ષના લાંબા ગાળા બાદ જ્યારે સમસ્ત મહાજનનો ચતુર્થ સંમેલન યોજાયો ત્યારે પ્રથમ વખત નારી શક્તિ માટે એક અલગ જગ્યા ફાળવવામાં આવી અને સાથે યુવા શક્તિ માટે પણ બંને ટીમ ને પૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી.

ટ્રસ્ટી વીણાબેન નાગડા સાથે મીનલ બેન ખોના, દિવ્યા મોમાયા, ચાંદની લાલકા અને બાકી ટીમ વગેરે મેહનત દેખાઇ આવતી હતી.

ઈન્દ્ર ધનુષ્યના રંગોની જેમ બે દિવસના ભરચક કાર્યક્રમમાં વિવિધતા ખૂબ અનેરી હતી ભાવિકા લાડનું Creating your self, દિવ્ય મોમાયાનું How to set up a business, Arihant Bank ni Special scheme for women enterprenureship, એડવોકેટ મીનલ બેન ખોના દ્વારા નારીના કાયદાકીય હક અને વિલ કેમ અને શું કામ બનાવવું એ વિષે સવિસ્તર જાણકારી આપી. ડૉક્ટર પેનલ દ્વારા વિવિધ રોગની જાણકારી તેમજ તેનું ઇલાજની ખૂબ સુંદર રીતે સમજણ આપવામાં આવી તો મનીષાબેને મેડિકલ ઇન્સુરન્સની જાણકારી આપી અને જયશ્રીબેન દંડે અવયવ દાનની સમજણ સૌને આપી. સ્વયં સિધ્ધા ગીતીકાબેનનો અનુભવ, મીનળબેન દંડ, પલ્લવીબેનની હળવી વર્ક શોપ, લતાબેન મોમાયા, ભારતીબેન દંડ, કાશ્મીરાબેન લુઠીયા તથા મીતાબેન દ્વારા સંબંધોની સાંકળ વિષે બોલવામાં આવેલ. અંતમાં. ગ્રુપ ફોટો પણ પાડવામાં આવેલ. આ બે દિવસની નારી શક્તિની શક્તિ ખૂબ સુંદર રીતે ખીલવવામાં આવી અને આ સંપૂર્ણ કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો. આની સાથે જ વર્ષાબેન લોડાયા, વીણાબેન બરોડાવાળા તથા નીનાબેન સાયલા ની મૂકસેવાને કેમ ભૂલી શકાય ?

**- માલતી હરીશ ધરમસી**

## વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

**- તંત્રી મંડળ**

## સંમેલન : એક પાર ઉત્સવ - ઉજવણી, સામે પાર ભગીરથ ઉત્તરદાયિત્વ

ગત ડિસેમ્બરમાં યોજાયેલ ત્રણ દિવસીય જ્ઞાતિ સંમેલનમાં ઉપસ્થિત રહેલા જ્ઞાતિજનોમાં ભરપુર ઉત્સાહની અનોખી લહેરખીઓ ઊભરી છે અને તે પછીના સપ્તાહમાં પણ તેના આશાત્મક સંકેતો અને નિર્દેશો મળી રહ્યા છે.

અલબત્ત, ૧૯૭૯ અને ૧૯૯૧ના જ્ઞાતિ સંમેલનો પછી પણ આવા ઉમંગ-ઉલ્લાસમાં જ્ઞાતિજનો ભાવવિભોર થયા હતા. એક દાયકા પહેલાં અનંતનાથજી જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવ વખતે પણ જ્ઞાતિજનોના ઘોડાપુર ઉમટ્યા હતા. અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઇ મહાજનની ૨૦૧૦ની ચૂંટણીઓની પરિણામોથી પણ જ્ઞાતિમાં નવો આશાત્મક દોર પ્રારંભાયો હતો. આ નવયુવકોએ ૨૦૧૦માં યોજેલ 'યંગ-તરંગ'મા દેશ દેશાવરના યુવા-યુવતીઓએ જાણે જ્ઞાતિ પ્રવૃત્તિઓના મંચનો કબજો લઇ લીધો હતો. ૨૦૧૫-૨૦૧૬માં બેંગલોરમાં, યોજાયેલ આઇટી અને બીઝનેસ સ્ટાર્ટ અપ કોન્ફરન્સ દ્વારા યુવા અને વડિલ વ્યવસાયિકો વચ્ચે અર્થપૂર્ણ સંવાદાત્મક સેતુ રચાયો હતો. ગયા વર્ષે ૨૦૧૭માં સમસ્ત મહાજને મુંબઇમાં બોલાવેલ લીડરશીપ સમીટને કારણે પણ વિવિધ મહાજનોના પદાધિકારીઓએ પણ જબરી આશા-આકાંક્ષાઓનો ઉદયકાલ અનુભવ્યો હતો.

પરંતુ તે પછી ક્યારેક છ એક મહીનામાં તો ક્યારેક એકાદ વર્ષ પછી આ પ્રસંગોપાત ઉભરેલા ઉલ્લાસનાં ઉન્મેષો શમી ગયા હતા તે આપણામાંથી ઘણાની સ્મૃતિમાં છે.

પરંતુ, તેમ છતાં આ વખતે આવા ઓસરી જતા તરંગોનું પુનરાવર્તન ન થાય અને વર્ષો સુધી જ્ઞાતિ પ્રવૃત્તિઓને સંકલનાત્મક ઓપ મળી રહે તેવી અપેક્ષાઓ જાગી છે, તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

સૌ પ્રથમ તો, છેલ્લા એકાદ વર્ષથી સતત સંનિષ્ઠ જહેમત કરીને આ આખા સંમેલનને એકલપંડે પોતાને ખભે ઊંચકીને સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશીથ દંડે પોતાના આગવા વ્યક્તિત્વથી જાણે આખી જ્ઞાતિને મંત્રમુગ્ધ કર્યા છે તેનો સહજ સ્વીકાર કરીને તેમને અભિનંદીએ.

નિશીથભાઇએ સંમેલન વિષયક વિવિધ મુદ્દે અત્રે અને અન્ય વર્તુળોમાં થયેલ તીવ્ર આલોચનાથી તેમજ સંમેલનમાં અનેકાનેક જ્ઞાતિ અગ્રણીઓ અને સક્રિય કાર્યકરોની નારાજગી અને અનુપસ્થિતિથી લગીરે વિચલિત થયા વિના સંમેલન સંબંધી પોતાની પરિકલ્પનાને વાસ્તવિક સર્જન-સ્વરૂપ આપ્યાં અને તે રીતે હાલના તબક્કે તો તેઓ જ્ઞાતિની સર્વાધિક વિશ્વસનીયતાની સંપ્રાપ્તિ દ્વારા એક માત્ર સર્વસ્વીકૃત નેતૃત્વપદે આરૂઢ થયા છે તેમ કહીએ તો તેમાં કોઇ અતિશયોક્તિ થતી નથી.

તો પણ, નિશીથભાઇ, જેઓ એકાદ વર્ષથી જ્ઞાતિના રાજકારણથી સુપરિચિત બન્યા છે પરંતુ પોતે તેવા તુચ્છ દાવપેચની રમતમાં પ્રવૃત્ત થવાથી જોજનો દૂર રહ્યા છે તે તેમણે સંમેલનની આ ઉત્તેજનાઓને અતિક્રમીને, હવે સૌ જ્ઞાતિજનોને સુગ્રથિત સંવાદાત્મક ભૂમિકા અદા કરવા માટે પ્રયોજિત કરવાના ભગીરથ કાર્યનો પ્રારંભ કરવા પરત્વે જ તેમનું સર્વ લક્ષ્ય કેન્દ્રિત કર્યું હશે તે ચોક્કસ છે.

એટલે જ, સંમેલનમાં અને તે પછી ઉત્સાહ-ઉમંગના માહોલને અત્યારે તો અર્ધવિરામ જ ગણી અને આગામી ત્રણેક મહીનાઓ દરમ્યાન આપણા વિવિધ મહાજનોના સંચાલકો સંમેલનમાં જાહેર થયેલી યોજનાઓ પરત્વે ભરસક સમુચિત પ્રતિસાદ આપશે તો જ તેને અલ્પવિરામની કક્ષાએ મૂકવાની અને તે પછી ખુદ સમગ્ર જ્ઞાતિજનો આ વિવિધ યોજનાઓમાં સ્વતઃ સતત સકારાત્મક યોગદાન આપવા પ્રતિબધ્ધ થાય અને તેમને સફળ બનાવે ત્યારે જ તે પૂર્ણવિરામ સમકક્ષ ગણવાની પરિપક્વતા નિશીથભાઇ ધરાવે છે તે દૃષ્ટિએ તેમના સહટ્રસ્ટીઓ પણ તેટલા જ ચિંતનાત્મક દૃષ્ટિકોણ અને ધૈર્ય અપનાવે અને આ મહત્વાકાંક્ષી યોજનાઓને પરિપૂર્ણ કરવાની નિષ્ઠા જાળવી રાખે તે જરૂરી બન્યું છે.

હકીકતમાં તો, સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ અને મહાસમિતિના સભ્યો, આ સંમેલને નિશીથભાઇને સમસ્ત મહાજનના વર્તમાન માળખામાં આમૂલ ફેર-બદલાવ કરવા અંગે સર્વ સત્તાઓ આપી છે તેમ સ્વીકારીને જ્ઞાતિના વિશાળ હિતમાં પોતાના પદત્યાગ માટે સામેથી ચાલીને તત્પરતા દર્શાવે તે વધારે જરૂરી છે અને તે અપેક્ષા પણ વધુ પડતી નથી.

બીજી બાજુ, જેમ સંમેલનમાં ઉપસ્થિત રહેલા અને અનુભવી જ્ઞાતિકર્મીઓ અને અગ્રણીઓ સાવધાનીનો સૂર વ્યક્ત કરી રહ્યા છે તેમ સંમેલનની ઉત્સવમય ઝાકઝમાળને વાગોળતા રહેવાને બદલે હવે જ્ઞાતિના વિવિધ સ્થાનિક મહાજનોના પદાધિકારીઓ પોતપોતાના ક્ષેત્ર-વિસ્તાર પૂરતા સીમિત દૃષ્ટિક્ષેપને ત્યજીને પોતાને તેમજ પોતાના મહાજનના સભ્યો-કુટુંબોને જ્ઞાતિના વિશાળ પરિપ્રેક્ષ્યમાં સમ્મિલિત થવા દૃઢ સંકલ્પ કરે તે પ્રકારના ઉત્તરદાયિત્વનું પગરણ તેમની વિચારધારાના ઉંબરે આવ્યું છે તેવી દૃઢ

અનુભૂતિ સાથે જ્ઞાતિમાં એકસૂત્રતા અપનાવવાની વિભાવના અંગીકાર કરશે તો જ આગામી ત્રણેક મહીનાઓમાં અત્યારના હર્ષોલ્લાસને સ્થિરપણે બેસવાની ડાળ મળશે અને તે સ્થાયીભાવ વર્ષો સુધી જ્ઞાતિમાં સકારાત્મક ઉર્જા સર્જતું રહેશે, અન્યથા આ સંમેલન માટે પણ તેની પાછળ થયેલ અઢળક ખર્ચ બાબતે તેમજ અનેક જ્ઞાતિજનોના સમય-શક્તિના વેડફાટનું નિમિત્ત બનવાની તીવ્ર આલોચના થશે તે ચોક્કસ છે.

એટલે જ, સૌ સંબંધિતો આ તબક્કે, સંમેલનની ફળશ્રુતિના લેખાજોખા અંગે વિચાર-વિમર્શના વિકલ્પે, સમગ્ર જ્ઞાતિમાં ઉપયુક્ત સંનિષ્ઠા અને સમર્પિતતાનો વ્યાપ સંચરિત થાય તેની વધુ ખેવના કરે.

* * *


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.**

**સોમવાર બંધ**


# હાર્દિક શ્રધ્ધાંજલિ



## સ્વ. લહેરચંદ વેલજી મૈશેરી

લાલા - ભાંડુપ

સમીક્ષા અને પ્રકાશ સમીક્ષા માટે પાંચ દાયકા લગી નિઃસ્વાર્થ યોગદાનથી ગ્રાહક નોંધણી તેમજ પોતાની આગવી શૈલીમાં સમાચાર અને લેખો દ્વારા રસમય માહિતી પીરસનાર આ નમ્ર સામાજીક કાર્યકરને હાર્દિક શ્રધ્ધાંજલિ...

**પ્રકાશ સમિક્ષા પરિવાર**


|| ૐ શ્રી ગણેશાય નમઃ ||

|| ૐ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ||    || ૐ શ્રી આઈ માતાયે નમઃ ||

શ્રી આઈ માતા ધરમશી પરિવાર

ભાવિક જનોવતી : ગિરીશ પદમશી ધરમશી

સુજ્ઞ ભાવિકજનો,    મંગળવાર, તા. ૭-૧-૨૦૧૯

જય જીનેન્દ્ર ! જય માતાજી





(શ્રી આઈમા ધરમશી પરિવાર ગામ સુથરી - કચ્છ)

તેરમી સમુહ પહેડી નિમિત્તે સુથરી માતાજીના સ્થાનકે પધારવા ભાવભર્યું આમંત્રણ

માતાજીના આદેશાનુસાર સમૂહ પહેડીનો કાર્યક્રમ સુથરી માતાજીના સ્થાનકે વૈશાખ સુદ ૭, ૮, ૯ ને તા. ૧૧,૧૨,૧૩ મે ૨૦૧૯ શનિવાર થી સોમવાર સુધી રાખેલ છે. તો આપ સૌને આ પ્રસંગે સુથરી સ્થાનકે પધારવા ભાવભર્યું આમંત્રણ.

આપના પરિવારની નિયાણી બહેનોને સપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ. મહોત્સવ દરમ્યાન કાળા કપડા પહેરશો નહિં. આપના સાથ સહકારની અપેક્ષા.

તા. ૧૧-૫-૨૦૧૯ શનિવાર, ના દેરાસર ની ધ્વજા છે.

લિ. ભાવિકજનો વતી ભોઈમાં કાશ્મીરાબેન ગિરીષ ધરમશીના જય માતાજી

વધુ વિગત કે જાણકારી માટે સંપર્ક નંબર

કાશ્મીરાબેન ધરમશી - ૯૮૫૭૩૦૮૨૫૦    ગીરીષ ધરમશી - ૦૯૮૯૨૧૯૮૨૫૦    ભારતીબેન ધરમશી - ૦૮૮૭૯૦૧૮૧૨૩

## વધાઇ




૪થા અખિલ ભારતીય સંમેલનની જોરદાર સફળતા માટે ખૂબ ખૂબ વધાઇ, નલિયા મહાજન, સમસ્ત મહાજન, સર્વ જ્ઞાતિજનોને ને જેમણે સાબિત કરી બતાવ્યું ''હમ એક હૈ''. આ સફળતાનું શ્રેય સમાજના પ્રત્યેક સદસ્યોનું છે જેમણે કચ્છની ઠંડી યા દુષ્કાળ યા પૈસાની બરબાદી જેવી વાતો ને ગણકાર્યા વગર પુરા જોશ ખરોશ સાથે દૂર-દૂર થી પધારી ને સમસ્ત મહાજનનું મનોબળ એટલું ઊંચું કરી દીધું કે તમે આગળ વધો હમ તુમ્હારે સાથ હૈ.

આ જનતા છે બધું સારી પેઠે સમજે છે, જે વ્યક્તિઓ, મહાજન, જાણતાં અજાણતાં સંમેલનનો કોઇ પણ હિસાબે વિરોધ નોંધાવ્યો હોય, જેના કારણે જે પણ મહાજન, ગામોના પ્રતિનિધીઓ, મહિલા વર્ગ, યુવા વર્ગ સંમેલનના સહભાગી થવાથી વંચિત રહી ગયા તેમની આંખ હવે ઉઘડી જવી જોઇએ. એવું પણ જોવા મળ્યું, જે વિરોધ નોંધાવતા હતા તેવા પોતાનું મહત્વ સચવાઇ જાય તે માટે પોતે હાજરી આપી. એવા બધાને સમજવાનું રહેશે કે આપણો સમાજ પ્રગતીશીલ વિચારો સાથે એક છે વ્યક્તિગત સ્વાર્થો ને ગણકારશે નહીં.

સંમેલનની સફળતાએ સમસ્ત મહાજનની જવાબદારીઓ હજી વધારી દીધી છે. સમાજ હવે સમસ્ત મહાજન સામે આશા રાખશે કે સંમેલનમાં જે જે ખરડાંઓ પાસ કરવામાં આવ્યા તે બધાનું અમલીકરણ બધા મહાજનો, વ્યક્તિઓ, પદાધિકારીઓને એક સાથે, એક મુઠીની ભાવના સાથે પુરી કરવાની રહેશે. આમાં હું વાળી ભાવના ને સ્થાન નહીં હોય તોજ સફળતા મળશે. બધાના વિચારોનો આદર, ધીરજપૂર્વક સાંભળીને યોગ્ય પગલાં ભરવાના રહેશે. જો એક યા ૨-૪ વ્યક્તિઓની ભાવના પ્રમાણે આગળ વધશું તેના કરતાં ૫ આંગળીઓની તાકાત સાથે આગળ વધશું તો સફળતા તો ગ્રાફ ઊંચો રહેશે, તે પ્રમાણે રિટર્ન મળશે.

પ્રજાએ ઝોલો ભરી દીધો છે હવે તેને ઉપયોગ સમજદારી પૂર્વક કરવાની જવાબદારી સામુહિક રહેશે.

આગળ વધવાનું રહેશે પણ વિચારી ને, સસલાની જેમ દોડ મૂકીને અસફળતા મળે તેના કરતાં ધીમા પણ ઠોસ નક્કર પગલાં સાથે આગળ વધવા વિચારીને નિર્ણયોની જરૂરત વધારે રહેશે.

કે.ડી.ઓ.નું ભવિષ્ય મજબૂત હાથમાં છે યુવાઓ/ મહિલાઓ આગળ વધીને જ આવ્યા છે તેમને સંપૂર્ણ સપોર્ટ મળ્યો છે ને આગળ પણ મળે તેવી અપેક્ષા જ્ઞાતિથી રહેશે. સાથે સમાજ સમસ્ત મહાજન અને પોતાના સ્થાનીય મહાજનો સાથે મળીને કાર્ય કરે, સમય સમય ઉપર જરૂરી સૂચનો આપે, સાથ સહકાર આપે તેવી પણ અપેક્ષા રહેશે તેમજ સમસ્ત મહાજન, સ્થાનિક મહાજનો, જનભાવનનો આદર કરશે તોજ સમાજ આગળ વધશે. કુલ ઉમલાકે આપણે સામુહિકની ભાવના સાથે આગળ વધવાનું રહેશે. મારી ગુજરાતી બહુજ સારી નથી જો કોઇ ભૂલચૂક થઇ હોય તો કૃપા કરી ને માફ કરશો. આ સાથે મારી ભાવનાઓને અહીંજ અલ્પવિરામ આપું છું. મારી ભાવના કોઇનો અનાદર કરવાની યા દુઃખ પહોચાડવાની બિલકુલ નથી પણ જો જાણતાં અજાણતાં વધારે પડતા ભાવવશ કોઇની આત્મા દુભાઇ હોય તો કરબદ્ધ ક્ષમા માંગું છું.

આપણે બધાયને લાકડાનો એક ગઠો બનીને આગળ વધવાની ભાવના સાથે કાર્ય સમાજના હીત ખાતરજ વિચારવાનું રહેશે તેમાંજ સફળતાની કુંજી છે. સવસ્તુ મંગલમ. ફરી એક વાર ભૂલ ચૂક માફીની વિનમ્ર પ્રાર્થના.

– **પ્રવીણ મૈશેરી**, રાયપુર-છત્તીસગઢ

## શ્રી જશાપર નગરે ધ્વજા મહોત્સવ

મૃગટમણી **શેઠશ્રી કેશવજી નાયક** સ્થાપીત પ્રાચીન જિનાલયમાં બિરાજમાન શ્રી આદિનાથ દાદાની ૧૪૨ વર્ષગાંઠ ઉજવણી માટે ગામવાસીઓ તથા ગામની નિયાણી બહેનો ને સહપરિવારે પધારવા ભાવભર્યા નિમંત્રણ. તા. ૨૦-૨-૨૦૧૯ને વાર બુધવાર શુભ મુહુર્ત વિધી વિધાન સાથે ધ્વજા મહોત્સવની ઉજવણી થાયે સમયસર પધારશો. જશાપર આવનાર ભાગ્યશ્રી આપણી નામ અગાઉની લખાવવા વિનંતી.

એજ લી.

**ક.દ.ઓ. જૈન જશાપર મહાજનના જય જિનેન્દ્ર**

**મોતીચંદભાઇ - 98210 19809**

**ગૌતમભાઇ - 98691 21666**



સવંત ૨૦૭૫ ।। શ્રી આદિનાથાય નમો નમઃ ।। સન ૨૦૧૯

# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ


કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫

ફોનઃ ૦૨૮૩૧-૨૮૨૩૧૮






## સાંયરા નગરે તીર્થે ૧૪૧મી વર્ષગાંઠનો જોઈશું રૂડો ઠાઠમાઠ...

## આપ સૌ નોંધી લેશો માર્ચ માસ, તારિખ છે છ-સાત-આઠ.....

શ્રી સાંયરા તીર્થ મંડન શ્રી આદિનાથદાદાની મહેર થઈને, ૧૪૧મી વર્ષગાંઠનો રૂડો અવસર આવી રહ્યો છે. અચલગચ્છાધિપતીશ્રીજીના આજ્ઞાવર્તિની પ.પૂ. સા. શ્રી ચારૂલતાશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ. સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની શુભ નિશ્રામાં સાંયરા ગામની નિયાણી બહેનોને શ્રી ક.દ.ઓ. જૈન સાંયરા મહાજન ટ્રસ્ટના ઉપક્રમે ધ્વજારોહણનો લાભ મળ્યો છે. જેમાં નીયાણી બહેનોએ ખૂબ જ સુંદર લાભ લઈ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવેલ છે. સર્વે દાતા પરિવારોની ઉદરાતાએ ચોક્કસ કાર્ય સિદ્ધ થશે. તા. ૬-૭-૮ માર્ચ, ૨૦૧૯ના ત્રિ-દિવસીય મહોત્સવમાં નીચે પ્રમાણેની નિયાણી બહેનોએ લાભ લીધેલ છે.

**શ્રી વિનીતા નગરીના લાભાર્થી:** માતુશ્રી પુરબાઈ નરશી રતનશી મોમાયાની નિયાણી બહેનો

**આમંત્રણ પત્રિકામાં લિખિતંગ દાતાશ્રી:** શેઠશ્રી અરજણ કાનજી રામજી લોડાયાની પૌત્રીઓ

**તા. ૦૬-૦૩-૨૦૧૯ ફાગણ સુદ ૧**

સવારની નવકારશીના લાભાર્થી : માતુશ્રી સરલાબેન રતીલાલ ટોકરશી લોડાયાની નીયાણી બહેનો

બપોરની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી મુરબાઈ જવેરચંદ લોડાયાની નીયાણી બહેનો

સાંજની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી મણીબાઈ રતીલાલ દેવશી તથા
માતુશ્રી તારામતીબેન જેઠાલાલ દેવશી મોમાયાની સુપુત્રીઓ

**તા. ૦૭-૦૩-૨૦૧૮ ફાગણ સુદ ૨**

સવારની નવકારશીના લાભાર્થી : શેઠશ્રી હીરજી હેમરાજ મોમાયા (હુબલીવાળા)ની નીયાણી બહેનો

બપોરની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયાની સુપુત્રીઓ

સાંજની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી લીલાવંતીબેન રાયચંદ નરશી ધ્રોળની સુપુત્રી

**તા. ૦૮-૦૩-૨૦૧૯ ફાગણ સુદ ૩**

સવારની નવકારશીના લાભાર્થી : માતુશ્રી ગંગાબાઈ લધાભાઈ દેવરાજ પટેલની નિયાણી બહેનો

બપોરની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી ચંદનબેન વિશનજી દેવરાજ પટેલની નીયાણી બહેનો

સાંજની સાધર્મિકભક્તિના લાભાર્થી : શેઠશ્રી જેઠાભાઈ કેશવજી તથા
શેઠ શ્રી ગંગાજર કેશવજી મોમાયા (પટેલ)ની સુપુત્રીઓ

ત્રણે દિવસ શીતલ જલધારાના લાભાર્થી : શેઠશ્રી વાલજી ખેતશી મોમાયાની નીયાણી બહેનો

ત્રણે દિવસ સ્વાદિષ્ટ ચા ના લાભાર્થી : માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળની નીયાણી બહેનો

ત્રણે દિવસ રસીલા શરબતના લાભાર્થી : માતુશ્રી ઉમાબાઈ વાલજી નરશી ધ્રોળની નીયાણી બહેનો

ઉપરોક્ત દરેક પરિવારની અંતરથી અનુમોદના તેમજ અભિનંદન. માતૃભુમિને યાદ કરતી, દાદાના દરબારે ગુણો ગાતી દિકરીઓનું એક મેળાવડો અનોખો હશે. જો તમે હજુ પણ નામ ન નોંધાવ્યા હોય તો, જરૂરથી આજે જ નામ નોંધાવશો. સાંયરામાં ઉતરવાની વ્યવસ્થા જેમને પણ કરાવવાની હોય તેમણે નીચેના નંબર ઉપર સંપર્ક કરવો.

વાલજી હીરજી ખોના : ૯૯૦૪૯ ૭૨૪૦૩ / ૯૮૨૦૪ ૩૮૭૮૪
રતીલાલ દામજી ધ્રોળ: ૯૭૨૪૯ ૮૨૨૩૨ / ૯૮૨૦૮ ૬૫૮૦૬

આ માત્ર ઝાંખી છે, ધ્વજા મહોત્સવ માણવાનો હજુ બાકી છે. ગામવાસીઓ તથા નિયાણી બહેનોને ખાસ નિવેદન તમારી ટીકીટો બુક કરાવી અમને તરત જાણ કરશોજી.

**સંપર્ક સેતુ:** નિર્મળાબેન વિરચંદ લોડાયા - ૯૮૨૪૨૯૮૨૭૫ • જયાબેન સુરેશ લોડાયા - ૯૩૨૦૫૫૦૩૩૩
મીતાબેન ભરત મોમાયા - ૯૩૨૩૭૬૭૩૯૮

**લી. શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ • શ્રી સાંયરા ગામની નિયાણી બહેનો**


UPASANA-9820167767

# પ્રવીણ લોડાયાનો લેખ જ્ઞાતિ સંમેલનના ઓવારે થી

અચ્છે દિન આનેવાલે હૈં, અચ્છે દિન..... અચ્છે દિન..... ૨૦૧૪માં આ અવાજ એટલો મીઠો લાગતો હતો કે ભારતની સમગ્ર પ્રજા નરેન્દ્ર મોદી પર વારી ગઈ હતી આવી જ રીતે નલિયામાં પધારેલા જ્ઞાતિજનો જ્ઞાતિ સંમેલનમાં નિશીથ દંડ પર વારી ગયા હતા.

૨૦૧૪ પછી ૨૦૧૬ની ૮ નવેમ્બરે નોટબંધી આવી. પ્રજાએ ઘણી તકલીફો ભોગવી ઘણી હાડમારી ઝીલી પરંતુ બધાની લાગણી એવી હતી કે દેશમાંથી આતંકવાદ જશે-ભ્રષ્ટાચાર જશે - બે નંબરના ધંધા બંધ થઈ જશે અને ભારતમાં સુવર્ણયુગ આવી જશે એના માટે થોડું બલિદાન તો આપવું જ પડે.

સંમેલનમાં ગ્લોબલ કાર્ડ (જ્ઞાતિનું આધારકાર્ડ), માઈક્રો ફાઈનાન્સ અને વેન્ચર કેપીટલ જેવી સુંદર યોજનાઓ આવી અને આ ઠરાવોને જ્ઞાતિના દેશમાંથી પધારેલા ૧૧૩ મહાજનોના પ્રતિનિધિઓ બધાએ એકી અવાજે દરેક દરેક ઠરાવમાં અનુમોદના આપી અને આ યોજનાઓનું અમલીકરણ થશે વી શ્રદ્ધા વ્યક્ત કરી.

લેખકોનું કામ લાલબત્તી ધરવાનું છે. આપણે જેમ બે વર્ષ પછી નોટબંધીની અનુભૂતિ કરી રહ્યા છીએ એમ ન થાય એની તકેદારી લેવી જોઈએ. રઘુરાજ રામન, અરવિંદ સુબ્રહ્મણ્યમ, ઉર્જિત પટેલ જેવા ફર્સ્ટ રેન્કના ઈકોનોમિસ્ટ જતા રહ્યા તેમ આપણા ટેક્નોક્રેટ, આપણા તરવૈયા નવયુવાનો નાસીપાસાના થાય એના માટે માસ્ટર પ્લાન બનાવવો જરૂરી છે.

ચિત્ર ઘણું બદલાઈ ગયું છે, અને હજુપણ એમાં નવા-નવા રંગો પૂરાઈ રહ્યા છે. નિશીથભાઈ અને તેમના સહકાર્યકરોના આત્મવિશ્વાસ એટલા ઉંચે ગયા છે તેમને નલિયામાં બેઠા બેઠા કુતુબમિનાર દેખાવા લાગ્યો છે.

નિશીથભાઈએ રાતોની રાતો ઉજાગરા કરીને સંમેલનને સફળ બનાવવા અથાક મહેનત કરી છે. થાક્યા વગર એક ગામથી બીજા ગામે જ્ઞાતિની સભાઓ ગજવી હતી. સૌથી મોટું કામ જો એમણે કર્યું હોય તો મુંબઈ અને દેશાવર વચ્ચેની ખાઈ એમણે પૂરી છે. દૂરિયાં નજદિકીયાં બન ગઈ અજબ ઈતફાક હૈં! મને યાદ છે કે દ્વિતીય જ્ઞાતિ સંમેલનની ફળશ્રુતિ તે વખતના પ્રમુખશ્રીને મળી નથી એનું કારણ મુંબઈ-દેશાવરનો સંઘર્ષ હતો, તેઓ એમાં ગયા અને ત્રીજા સંમેલનના પ્રમુખ કોમા અને ફુલસ્ટોપની ગડમથલમાં ગયા બંધારણને એટલું ઝીણું કાત્યું કે એમાં ૨૭ વર્ષોના વહાણા વહી ગયા તેની ખબર જ નહીં પડી.

ચતુર્થ સંમેલનમાં સેક્રેટરીની મોટી ઉપલબ્ધિ આ જ છે કે મુંબઈ અને દેશાવરનો સંઘર્ષ ટાળ્યો અને કોમા અને ફુલસ્ટોપને દેશવટો આપીને પ્લુરાલિઝમનો સ્વીકાર કરીને વિકાસ અને એકતાનો જ્ઞાતિમાં પાયો નાખ્યો. પ્રગતિ અને વિકાસ માટે પ્લુરાલિઝમ એ કાંઈ ફક્ત જરૂરિયાત નથી પણ આપણા અસ્તિત્વ માટે પણ અતિ આવશ્યક છે. આપણે બધા એકબીજા સાથે સહઅસ્તિત્વ જાળવીએ એ આજના યુગની જરૂરિયાત છે. હેટસ્ ઓફ, નિશીથ !

મુંબઈ અને દેશાવરના મિલનના આ દૃશ્યો આપણને સંમેલનમાં જોવા મળ્યા અને એમની એકતાના દર્શન થયા.

ક.દ.ઓ. સમાજને મળેલા ટાંટિયાખેચના શ્રાપ થકી વર્ષો સુધી સમાજથી બહાર રહેલા 'હંસ ભા' ની સમાજમાં થયેલ રી-એન્ટ્રીના આશીર્વાદ નિશીથભાઈને ફળ્યા એટલે એમનો કોન્ફીડન્સ લેવલ એવરેસ્ટની ચોટીએ પહોંચ્યો.

પ્રકાશ-સમીક્ષાના તંત્રીશ્રી હીરાચંદભાઈએ લખ્યું છે એ પ્રમાણે ૪થું સંમેલન આપણી જ્ઞાતિની પ્રગતિ માટે અનેક પરિવર્તન લાવનારૂં બનશે અને થયું પણ એમ જ.......

પહેલાંના બે સંમેલનમાં આપણે જોયું છે કે રાતના બે-બે વાગ્યા સુધી ખરડાઓ પર ચર્ચા વિચારણા થતી હતી અને સંમેલનમાં ઘણાં કલાકો એના પર વાદવિવાદ થતા. ૨૧મી સદીના સ્પીડ એજમાં ૪ જુની ટેક્નોલોજીથી સજ્જ દુનિયામાં આપણને રાકેટની ગતિ રેડીમેડ ખરડા મળ્યા છે. સમસ્ત મહાજને આપણનો અમુલ્ય સમય બચાવ્યો છે.

યુવાનોને નવા નવા વિચારો મળ્યા છે, વડોદરાના ત્રણ યુવનોને જોઈને એમને પ્રેરણા મળી છે. નિશીથ દંડ, ભાવેશ લોડાયા અને ફોરમ લોડાયા ને જોઈને લખવું જોઈએ કે હવે મોઢામાં કોળિયો આપવાના દિવસો ગયા. સ્વયં સહાયતા જ નવો મંત્ર છે, તો આજ સમય છે કે આપણે પણ સ્માર્ટ બની જઈએ.

નવયુવાનો, નલિયામાં તમારે સંકલ્પ લેવો જોઈએ કે હું સ્માર્ટ બનીશ કેમકે જ્ઞાતિ તમને સ્માર્ટ બનવા ધક્કો મારી રહી છે. તમે સ્માર્ટ નહીં બનો તો તમને તો ભલે નુકસાન વેઠવું પડશે પર્યાયે જ્ઞાતિને પણ નુકસાન થશે. જાતે સ્માર્ટ ફોન, કોમ્પ્યુટર, ઓટોમેટિક મશીનનો ઉપયોગ કરીને તમારી પોતાની કે જ્ઞાતિની સમસ્યાઓનું સમાધાન કરતા શીખો. 5G આવવાની તૈયારી છે. જ્ઞાતિને સ્વનિર્ભર કરવાની જવાબદારી તમારી છે. જ્ઞાતિમાં સુખ, સમૃદ્ધિ અને શાંતિ તમે નહીં લાવો તો કોઈ લાવી શકશે નહીં કારણ કે જેમ ભારતમાં આધાર કાર્ડ લાવીને પ્રગતિના દશે દિશાઓના દ્વાર ખુલ્લા થયા છે તેમ ક.દ.ઓ. જ્ઞાતિના ગ્લોબલ કાર્ડની યોજનાને મૂર્ત સ્વરૂપ મળશે ત્યારે એના અગણિત ફાયદા આપણે જોઈ શકીશું. એની વિગતો સમસ્ત મહાજન આપણને આપશે ત્યારે ખબર પડશે.

સ્માર્ટનેસનું આ સૌથી મોટું ઉદાહરણ છે કે આ બધી જવાબદારી દરેકે દરેક મહાજન ઉપર આવી ગઈ છે. ગ્લોબલ કાર્ડ ના અગણિત ફાયદા છે. પરંતુ મહાજનો જો સક્રિય ના રહેશે તો યોજના કેવી રીતે ચાલશે? આપણા સહુની સામુહિક જવાબદારી છે, આને અમલીકરણ કરવાની મહેનત સમગ્ર જ્ઞાતિએ કરવાની છે. ગ્લોબલ કાર્ડના ફાયદા નાના નાના ગામોને, જ્યાં આપણી વસતી ૧૦ થી ૧૦૦૦ ની સંખ્યામાં છે અને મુંબઈમાં ૨૦,૦૦૦ની વસતીમાં કેવી રીતે સફળ થશે તેની રૂપરેખા સમસ્ત મહાજને સમજાવવી પડશે. મુંબઈ મહાજન નવ યુવાનો પાસેથી

કેવી રીતે કાર્ય કરાવે છે તેના ઉપર સફળતાનું માપ નિકળશે.

શંકા થવી સ્વભાવિક છે કારણ કે ઐરોલી મહાજનવાડીનું ગુંચવાયેલુ કોકડું હજી સુધી ઉકલાયું નથી ત્યારે ગ્લોબલ કાર્ડનું વિતરણ કેવી રીતે કરશે તેની શંકા અસ્થાને નથી.

બીજા જે ઠરાવો છે તેમાં સંજીવની, આવાસ યોજના, માઈક્રો ફાઈનાન્સ અને વેન્ચર કેપીટલ આ બધી યોજનાઓ જ્ઞાતિના મહારથીઓએ પોતાના હાથમાં લીધી છે એટલે અસફળ થવાનું કોઈ કારણ દેખાતું નથી. ફક્ત એક યોજનામાં મને શંકા છે તે 'લવાદ'. છેલ્લા પાંચ વર્ષોમાં સમસ્ત મહાજનનાં 'લવાદ પંચ' ને કેટલી અરજી આવી અને કેટલા ચુકાદા આપ્યા તે સમજ્યા વગર આપણે આ ઠરાવને કેવી રીતે ટેકો આપી શકીએ?

આજથી આશરે ૫ થી ૬ વર્ષ પહેલા પ્રકાશ સમીક્ષામાં લવાદ પંચની જાહેરાત આવી હતી, એના પછી એણે શું કાર્યવાહી કરી તેની કોઈને જાણ નથી. મને એટલી ખબર છે કે એમાં સર્વશ્રી તિલોકચંદભાઈ દંડ, કિરીટભાઈ લાપશિયા, રાજેન્દ્ર ખોના અને ચીમનભાઈ મોતા હતા. કદાચ એમને પોતાને પણ ખબર નહીં હોય કે આપણે લવાદપંચના સભ્ય છીએ કે કેમ? હવે આવે છે મહિલાઓ માટેનો 'સ્વરોજ પ્રોજેક્ટ'. આ પ્રોજેક્ટ કોર્પોરેટ સેક્ટરમાં પ્રોફેશનલ પધ્ધતિથી થઈ રહ્યો છે એટલે એમાં આપણાથી ચંચુપાત કરાય નહીં. સહુથી સર્વોત્તમ ઠરાવ હોય તો જ્ઞાતિમાં રહેલા દિવ્યાંગોની સહાયતા માટેનો. આ ખરેખર સુંદર પ્રોજેક્ટ બની રહેશે.

કચ્છી દશા ઓસવાલની ખમીરવંતી જ્ઞાતિના દશાઈ લોટીને અનુરૂપ આ ખરડો છે. આ ખરડાને જો મૂર્ત સ્વરૂપ અપાઈ જશે તો જ્ઞાતિ માટે એક સિમા ચિહ્ન બની રહેશે. આમા ઊંચી માનવતા દેખાઈ રહી છે. શ્રીમાન જયંતભાઈ સોની ખરેખર ધન્યવાદને પાત્ર છે કે જેમણે પલક ઝપક્યા વગર, ક્ષણનો પણ વિલંબ કર્યા વગર ૩૦ લાખ રૂપીયાની ઓન ધ સ્પોટ સહાય આપવાની જાહેરાત કરી. ચડાવાની બોલીઓ કરતા એમની આ બોલી સૌથી ચડીયાતી બની રહેશે. દિવ્યાંગો તરફથી એમને અંતરના આશિર્વાદ મળશે. અંતમાં મને મળેલા 'ગૌરવ એવોર્ડ'ની વાત કર્યા વગર અમે આત્મશ્લાઘા થશે તેનોડર રાખ્યા વગર હું રહી શકતો નથી.

આજ થી ૧૨ વર્ષ પહેલા એક કાર્યક્રમમાં આ 'હીરોને ઓળખ્યો' ત્યારે મને થયું કે આને જ્ઞાતિની સ્ટીમ લાઈનમાં લાવવાથી જ્ઞાતિને ઘણો ફાયદો થશે. આ વાત મેં અમારા પ્રમુખશ્રીને કરી અને અમે બન્નેએ સમસ્ત મહાજનમાંથી રાજીનામું આપ્યું અને વડોદરાથી બે નવયુવાનો નિશીથ દંડ અને ભાવેશ લોડાયાના નામ સમસ્ત મહાજનને આપ્યા. હું ખોટો ન હતો એકને ગુજરાત ગૌરવ અને બીજાને જ્ઞાતિ ગૌરવ નો એવોર્ડ મલ્યો અને મને જે ગૌરવ થયું તે એવોર્ડ મને મફતમાં મલ્યો ત્યારે મારી છાતી ૫૬ ઈંચની થઈ ગઈ. અંતમાં CA ચંદ્રેશ છેડાએ મને આ લેખ લખવામાં મદદ કરી તેમનો હું તહેદીલ થી આભાર માનું છું.

**– પ્રવીણ લોડાયા**, વડોદરા


॥ શ્રી આદિનાથાય નમઃ ॥

**શ્રી આદેશ્વરજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ્સ ટ્રસ્ટ તથા**

**શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ – મંજલ**

*શ્રી આદેશ્વર દાદાના જિનાલયે ૧૩૭મી ધજાના મહોત્સવે સૌ ભાવિકજનો તેમજ ગામની નિયાણી બહેનોને પધારવા ભાવભીનું આમંત્રણ છે.*

**મંગલમય કાર્યક્રમની રૂપરેખા**



- તા. ૧૩-૦૫-૨૦૧૯ના અઢાર અભિષેક પુજન બપોરે ૦૨:૦૦ કલાકે
- તા. ૧૪-૦૫-૨૦૧૯ના સત્તર ભેદી પુજન સવારે ૦૮:૦૦ કલાકે
- તા. ૧૪-૦૫-૨૦૧૯ના પુર્ણાહુતિ બપોરે ૦૧:૦૦ કલાકે

વિધિકાર
શ્રી ચંદ્રકાંત દેઢિયા
બિદડા-કચ્છ

*૧૩૭મી ધજાના લાભાર્થી પરિવાર માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા પરિવારને તથા માતુશ્રી વાલબાઈ વિશનજી ધરમશી પરિવારને સંયુક્ત રીતે મળેલ છે.*

માદરે વતનને જાણવાની, મંજલના વિકાસને જોવાની તથા
કુટુંબ મેળાને માણવાની આવી અનુપમ તક ફરી જલદી નહીં મળે.
આપના આગમનની જાણ વહેલી તકે કરશોજી જેથી આપની સગવડાતા કરવામાં સુગમતા રહે.

| અભિ ક્રમ | કુપન નં | અભિ ક્રમ | કુપન નં | અભિ ક્રમ | કુપન નં | અભિ ક્રમ | કુપન નં | અભિ ક્રમ | કુપન નં | અભિ ક્રમ | કુપન નં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉછા | ૪ | ૦૩૬ | ૭ | ૦૦૨ | ૧૦ | ૦૧૮ | ૧૩ | ૦૧૭ | ૧૬ | ૦૩૦ |
| ૨ | ૦૧૬ | ૫ | ૦૪૨ | ૮ | ૦૪૩ | ૧૧ | ૦૦૪ | ૧૪ | ૦૪૧ | ૧૭ | ૦૨૫ |
| ૩ | ૦૨૯ | ૬ | ૦૦૧ | ૯ | ઉછા | ૧૨ | ૦૨૪ | ૧૫ | ૦૦૯ | ૧૮ | ઉછા |

અઢાર અભિષેકના વિજેતાઓને મોબાઈલ ફોન પર જાણકારી આપી દેવામાં આવી છે.

સંપર્ક :- મો. : ૯૭૦૨૦ ૩૬૩૩૦ / ૯૭૨૬૭ ૭૬૬૨૭ / ૯૮૨૦૩ ૫૨૩૯૧ / ૭૦૨૧૮ ૧૪૦૫૨

# ઓસવાલોની ઉત્પતિ - ૮

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ, **મો. 9820336767**

(આ પહેલાં, જ્ઞાતિની વિવિધ અટક-નુખની ઉત્પતિ અંગે ખૂબ જ જહેમત અને ચીવટથી ઊંડાણપૂર્વક સંશોધન કરીને તે વિષે રમેશભાઇ દ્વારા એક સમૃધ્ધ લેખશ્રેણી 'પ્રકાશ-સમીક્ષા'માં પ્રગટ થઇ ગઇ છે. હવે તેઓ આપણી જ્ઞાતિની પરાપૂર્વ સમયની ઓશવાલ તરિકેની મૂળ ઓળખ કે જાતિના ઉદ્ભવ સંદર્ભે જે અનેકવિધ તર્ક-અનુમાન પ્રસારિત કે પ્રચલિત થયા છે તેને પણ પોતાની આગવી સંશોધાત્મક દ્દષ્ટિથી અવલોકીને એક વિશેષ શ્રેણી આપી રહ્યા છે.)

આપણી જ્ઞાતિના અગ્રણી પત્રકાર, જખઉના શ્રી ખીમજી હીરજી કાયાણીએ સને ૧૮૯૯માં ''કચ્છી દશા ઓસવાલ દર્પણ'' નામનું માસિક બહાર પાડેલું. જેના પ્રથમ અંકમાં પ્રકાશકના પિતાશ્રી હીરજી હંસરાજ કાયાણીએ કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનો ઇતિહાસ નામના લેખમાં ઓસવાલોની ઉત્પત્તિ અંગે નીચે મુજબનું વર્ણન કરેલ છે.

આ ભરતખંડમાં અથવા ૪૫૦૦૦૦૦ યોજન અડીદીપમાં જૈન ધર્મ અનાદિ કાલથી પ્રવરતી રહ્યો છે, આપણા ભરત ખંડમા કુદરતી (સ્વભાવીક) ચડતો અને ઉતરતો કાલ અનાદિથી પ્રવર્તે છે. તે પ્રમાણે હાલ ઉતરતો કાલ પ્રવરતે છે. શ્રી નાભી રાજાના પુત્ર રીષભદેવ સ્વામીથી જૈન ધર્મની શરૂઆત હાલના કાલે થઇ છે તેજ પ્રમાણે હાલબી પ્રવરતમાન છે. પરંતુ આજથી અગાઉ આશરે ૨૨૦૦ વરસો પહેલાં શ્રી ભદ્રબાહુ સ્વામિ સ્વર્ગે ગયા પછી જૈનીઓની પડતીની શરૂઆત થવા લાગી, તે કાલના પ્રતાપે એટલી ઝડપથી થવા લાગી કે મિથ્યાત્વ ધર્મોનો ફેલાવો દીનપર દીન અતીશય વૃધી પામવા લાગ્યો. રાજ્યકર્તાઓ પણ સ્વધર્મ ત્યાગીને મિથ્યાત્વ ધર્મ પાલવા લાગ્યા ઉત્તરોત્તર એવી સ્થિતી ચાલતાં આશરે સંવત ૬૦૦ના લગભગે એક રત્નશીખર નામે જૈન મુનિ ઉશીઆનગરીની બાજુએ ઉશીઆ નામે દેવીના મંદિર નજદીક (જે ડુંગરપર હતું અને હાલબી કાયમ છે, તે ડુંગરપર) આત્મ શાધન કરતા હતા. એકાદ સમયે એક મહિનાના ઉપવાસ કર્યા જે દીવશે પુરા થયા તે દિવસે પ્રભાતે પોતાના શીષ્યને કહ્યું જે આજે મારે પારણું છે, વાસ્તે ઓશીઆ નગરીમાં જઇ સ્વચ્છ અને ૪૨ દોષ રહીત સુજતો આહે વોહરી લાવ. ચેલો આહાર વોહોરવા નગરમાં ગયો, પરંતુ તે નગરનો રાજા તથા પ્રધાન મિથ્યાત્વી હતા અને આખા શહેરમાં મિથ્યાત્વનું અત્યંત પ્રભાવ હતો. લોકોની જૈન ધર્મપરથી શ્રધા તદન ઉતરી ગઇ હતી. હવે તે દીવશે રાજા અને પ્રધાન એ બેહુનાં કુંવરોના લગ્નો થવાનાં હતાં તેથી તમામ ગામને ત્યાં જમવા નોવાલા હતા. એટલે લોકોના ઘેર રશોઇઓ થઇ હતી નહી, તેથી બીચારો તે શીશ્ય આખા શહેરમાં ફરયો પણ આહાર મલ્યો નહી ફરી ફરી થાકો ત્યારે ત્રીજે પોહોરે આવી પોતાના ગુરૂને કહ્યું કે માહા મુની શહેરમાં એકતો જૈન ધર્મના શ્રધાલુ કોઇ વીરલાજ હશે ઉપરાંત આજે રાજા અને પ્રધાન બન્નેના કુવરોના લગ્ન છે તેથી લોકો બધા તેઓના ઘેર જમવા જવાના છે તેથી મને આહાર મલ્યો નહિ. એ વાત સાંભળી મુનિરાજ ખેદીત થયા અલબત તપસ્વીને ક્રૌધ ઉપજેજ તેથી ચેલાને કહ્યું જે હે શીસ્ય શહેરમાં જઇ થોડો રૂ (કપાશ) લઇ આવ. ચેલાએ રૂની એકાદ બે પુણી (પઇઆ) લઇ આવી ગુરૂજીને આપી. મુનિયે ક્રોધના આવેશે તેના એ સરપ મંત્રયોગે બનાવ્યા તેયો બેઉ થર્પ શહેરમાં જઇ એકે રાજકુંવરને અને બીજાએ પ્રધાનના પુત્રને ડષ્યો તેથી તે બેહુ કુમારો મરણ તુલ્ય અચેત થઇ ગયા અને આખા શહેરમાં હાહાકાર વ્યાપી રહ્યો. આખી રાત અનેક ઉપાયો કર્યા, પરંતુ કુમારો શાજા થયા નહી ત્યારે બીજે દીવશે સવારના તે બેહુ કુવરોનું શરપ ડંશથી મૃત્યુ થયું માનીને શમશાન ભૂમીએ લઇ જવા રાજા પ્રજા સાથે આખુ શહેર બહાર નીકલ્યું તે વખતે મુનીએ પોતાના શીસ્યને કહ્યું જે, જે કોઇ શારો માણશ તારી જાણમાં આવે તેને કેજે જે શર્પના ડષેલા માણશમાં જીવ ત્રણ દિવશ સુધી રહે છે માટે આ બને કુમારો હજી મૃત્યુ પામ્યા નથી પણ શર્પના જોરથી અચેત માત્ર થયા છે, તેથી આયે ડુંગરપર મારા ગુરૂમારાજ છે તેઓની પાશ જો લઇ ચાલો તો તેઓ મંત્રના યોગે શર્પનું ઝોર ઉતારી આપશે. ચેલાએ તેમ જઇ કોઇ પૂખ્ત પુરૂષોને કહ્યું તેમણે પ્રધાનને અને પ્રધાને રાજાને કહ્યું વાતચીત થતાં છેવટ સર્વએ વીચાર્યું જે જૈનમુનિમાં એવી શક્તિ હોય તેમાં તાજુબ થવા જેવુ નથી, માટે મુનિપાશે ચાલો પછી તેઓ તે બન્ને કુમારોના શબો મુનિ આગળ લાવ્યા. રાજા પ્રધાન અને પ્રજાજનોએ મૂનીની આજીજી કરી ત્યારે મુનિયે રાજા ત્યા પ્રધાનને કહ્યું જે તમારા બન્ને કુમારો જીવતા કહી આપુ, પણ જો તમો રાજા પ્રજા સર્વે જૈન ધર્મ અંગીકાર કરવાનું વચન આપો તોજ કરૂં તે વાત તેઓએ કબુલ કરી પછી મૂનિરાજે મંત્રેલા પાણીની અંજલી છાંટવાથી બન્ને કુમારો શજીવન થયા શહેરમાં

આનંદના ઓછવો થયા. કબુલાત પ્રમાણે રાજા, પ્રધાન અને પ્રજાને જૈન ધર્મ અંગીકાર કર્યો અને મુનિએ તેઓને ઓશવાળ એવું નામ આપ્યું. કારણ કે ઓશીઆ દેવીના મંદીરમાં આએ કાર્ય થયું અને તેજ દેવીને કુલદેવી ઠરાવી. **આ ઓશવાળોની મૂળ ઉત્પત્તિ** અને તે વખતથી વાણીમાં કહેવાયા. ચવાણ, લોદા, મોમાયા, નાગડા, શોની, શુરાણા, મોતા ઇત્યાદી જેજે ગોત્રો હાલ કવાયે છે તે તેવખતની જુદી જુદી જાતોનાં નામો છે. એથી અમાઉ આશરે ૪૦૦ નરશોપર શ્રી ભીનમાલ નગરમાં શ્રીમાલવાણીઆની ઉત્પત્તી થઇ હતી. તેથી અગાઉ તો જેઓ વેપાર કરે તેઓજ વાણીઆ અને શીપાઇગીરી કરે તેઓ રજપુત કે ક્ષત્રી કહેવાતા પણ બધાયે એકબીજાને છોકરી આપતા લેતા હતા, એટલે રજપુતોની છોકરી બ્રાહ્મણો તથા રૂષીઓની છોકરીઓ રજપુતો પરણી શકતા. કાલના જેવા વરણાવરણ અને દેહ શુચી ધર્મના ખોટા વહેમો, આડરાઇ ગયું અને તેથી વીટલાઇ ગયું અને આના હાથનું ખાવુ તે આના હાથનું ન ખાવુ, આવા ઢોંગો આગલા વખતમાં હતાજ નહીં, આત્મ શુચી ધર્મજ હતો, તેમાં શેકડે ૯૦ તો જૈનધર્મીજ હતા, બાકી ૧૦ ટકા ગુરૂઓની શંગતે મિથ્યામાર્ગે પ્રવરતનારા હતા. **– ક્રમશઃ**

## ક.દ.ઓ. પોલડીયા પરિવારો તથા નિયાણી બહેનો જોગ
**(ગોએરસમા, રંગપુર, બાયઠ, બારોઇ, લુણી, ડુમરા)**

ગોરંગ બાલુડો પોલડીયા પરિવારો દ્વારા કચ્છ ધણીયાણી કચ્છ કુળદેવી મા આશાપુરા માતાજીની દશમી પહેડીનું રવિવાર તા. ૨૦-૧-૨૦૧૯ના રોજ મુલુંડ મુકામે આયોજન કરવામાં આવેલ છે.

તો આ પ્રસંગે છ એ છ ગામોના પોલડીયા પરિવારો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવાનું ભાવભર્યું નિમંત્રણ પાઠવતાં અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

**સ્થળ : ફ્રેન્ડસ એજ્યુકેશન કોઓપરેટીવ સ્કુલ, મુલુંડ**
૫૫૪/ડી, એલ.બી.એસ માર્ગ, મુલુંડ (વેસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૮૦.
**સમય :** સવારના ૮.૩૦ થી ૨.૩૦ કલાકે

સવારના ૮.૩૦ કલાકે ફ્રેન્ડસ સ્કુલના પ્રાગંણથી પૂ. માતાજીની શોભાયાત્રા વાજતે ગાજતે શરૂ થશે. તો સૌ ભાવિકો તથા નિયાણી બહેનો સહકુટુંબ સમયસર પધારશોજી.

**પહેડીના લાભાર્થી પરિવાર**
**માતુશ્રી મણીબાઇ લાલજી કેશવજી પોલડીયા સમસ્ત પરિવાર**

એજ લી.
**ગૌરંગ બાલુડો પોલડીયા પરિવાર સમિતિના જય માતાજી**


*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442
CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com
ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

# K D O WELFARE ASSOCIATION
## K D O SAMAJIK SURAKSHA YOJNA

સંપર્ક : **દીપક ગંગાજર ડાઘા** (પ્રમુખ), એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલ રાજેશ્વર મંદિર પાસે, એલ.બી.એસ માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦. મો.: ૮૭૬૭૭૫૩૦૮૨ ઇમેલ : kdosss@yahoo.in

૨૮-૨૮ વર્ષોથી જ્ઞાતિના સેવામાં વિશ્વનું સૌથી સસ્તું બોનસ સહિત પ્રિમિયમ પરત જીવન વિમા તથા અકસ્માત વિમા કવચનો લાભ. સ્વાર્થ સાથે પરમાર્થ. કોઇને કદાચ રૂા. ૭૫,૦૦૦/-નું વિમા કવચ મામુલી લાગે પણ અન્ય જ્ઞાતિજનોની સેવા ખાતર પણ આપ સર્વે ફક્ત એકજ વખત રૂા. ૨૨૦૦/- ભરી આ સામાજિક સુરક્ષા યોજનાના મેમ્બર બનવા અનુરોધ છે.

---

૫૩ વર્ષની વય સુધીમાં સભ્ય બની શકાય છે. ૫૫ વર્ષની વય સુધી જીવન વિમાનું રૂા. ૭૫,૦૦૦/- તથા અકસ્માત વિમાનું વધારાનું રૂા. ૭૫,૦૦૦/-નું કવચ રહે છે. ૫૫ વર્ષ બાદ નિયત બોનસ સહિત ડીપોઝીટની રકમ પરત અપાય છે.

---

જે સભ્યોની જન્મ તારીખ ૧-૧૦-૧૯૬૩થી ૩૧-૧૨-૧૯૬૩ની છે. તેમના ૫૫ વર્ષ પુરા થવાથી વસતીપત્રકમાં આમેજ સરનામે પત્ર સાથે ચેક મોકલી આપવામાં આવ્યા છે. તા. ૧૦-૧-૨૦૧૯ સુધી ન મળે તો સંપર્ક કરવો. જુના કેટલાક ચેક રજુ બેંકમા આવ્યા નથી. ચેક ન મળ્યા હોય તો સંપર્ક કરવા વિનંતી છે.

---

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનની મહાસમિતિના સભ્યો, જ્ઞાતિના મહાજનના પદાધિકારીઓ તથા જ્ઞાતિના સામાજીક કાર્યકરો આ યોજનાને પ્રતિસાદ આપે તો હજુ વધારે જ્ઞાતિજનોને લાભ મળી શકે તથા સભ્યપદ વધે તો વિમાની રકમ પણ વધારી શકાય.

---

**વર્તમાન અન્ય પદાધિકારીઓ**

| | | |
|---|---|---|
| ઉપપ્રમુખ : | **શ્રી શરદ હેમરાજ મોમાયા,** હુબલી | - **94481 16002** |
| સેક્રેટરી : | **શ્રી રમેશ હીરજી લોડાયા,** ડોંબિવલી | - **98920 03940** |
| ખજાનચી : | **શ્રી કાંતીલાલ લખમશી વિકમશી,** મુલુંડ | - **98330 68881** |

અત્યારસુધી ૧૧૨૦૦ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે. તેમાંથી ૩૪૩ સભ્યોનું સભ્યપદ દરમ્યાન અવસાન થતા તેમના નોમીનીને રકમ ચુકવવામાં આવી છે /આવી રહી છે. ૩૦૭૩ સભ્યો ૫૫ વર્ષે રીટાયર થતા તેમને નિયત બોનસ સહીત રકમ પરત કરાઇ છે. આજે ૭૭૮૩ સભ્યો રોલ પર છે. હજુ ઘણો અવકાસ છે. જ્ઞાતિજનોને લાભ લેવા અનુરોધ છે.

---

# ભવ્ય સમાજના એક શિલ્પકારને આદરાંજલી

સમય સરી જતી ક્ષણોમાં કોને કરીયે ફરી યાદ,વસ્યા આપ પ્રભુ પાસે, છોડી સર્વનો સંગાથ...



સેવાર્થે જેમનુ જીવન અંજલી થયુ,
સમાજક્ષેત્રે, ધર્મક્ષેત્રે તથા વ્યવસાયક્ષેત્રે
જેમણે ભવ્યતા પ્રાપ્ત કરી, જેમની હૂંફ, લાગણી,
સમાજ પ્રત્યેની ઉદાત્ત ભાવના, સત્કાર્યો અને
સંસ્કારો કદી વિસરાશે નહી એવા અમારા આપ્તજન

**:દેહવિલય :**
**૨૭.૧૨.૨૦૧૮**

## સ્વ. શ્રી.ઉત્તમભાઈ કલ્યાણજી ખોના
**(ગામઃ કોઠારા)**

આપના પુણ્યાત્માને મોક્ષદાયી ગતિ મળે,
અમોને આપના રાહે ચાલી સમાજના ઉત્કર્ષ માટે
કામ કરવાની પ્રેરણા મળે એ જ હૃદયાંજલિ...

**શ્રી સાંગલી કચ્છી જૈન સેવા સમાજ, સાંગલી**
તથા
**શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘ**

સૃજન/9987067068

।। શ્રી આદિનાથાય નમઃ ।। ।। જય જય શ્રી ઓલિયા વારાપીર ।।

# શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજન ત્થા શ્રી વારાપધર જૈન યુવક મંડળ

કાર્યાલય : C/o. બબલગમ ટુર્સ, C-૩૨૧, નેપચ્યુન ઈર્સ્ટન બીસનસ ડીસ્ટ્રક્ટ, મંગતરામ પેટ્રોલ પંપ ની બાજુમાં, એલ.બી.એસ. માર્ગ, ભાંડૂપ (પ)-૪૦૦ ૦૭૮.



આયોજિત

## ગામ ધણી શ્રી વારાપીર ઓલીયાની ૧૦મી સમુહ પહેડી

પહૈડી ના દાતાશ્રી પરિવારો
માતૃશ્રી લક્ષ્મીબેન શામજી પરબત મોતા પરિવાર (હૈદ્રાબાદ)
ત્થા માતૃશ્રી ઝવેરબેન લાલજી પરબત મોતા પરિવાર (હૈદ્રાબાદ)

પ્રસંગે સર્વે ગામવાસીઓ ત્થા નિયાણી બહેનોને
સહપરિવાર પધારવા સસ્નેહ ભાવભર્યુ આમંત્રણ

**રવિવાર, તા. ૧૩.૦૧.૨૦૧૯, બપોરના ૩ કલાકે થી**

સ્થળ : કુંજલ કિશોર રોટરી ઓડીટોરીયમ,
ફ્રેન્ડસ સ્કુલ, ૮મે માળે, વસંત ઓસકારની બાજુમાં,
એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ)





સંગીતકાર : મનોજ કારાણી તથા સાથી કલાકારો
ના સથવારે

**પહેડી પ્રસાદ, દાંડીયા રાસ**
**તપસ્વી બહુમાન ત્થા વિદ્યાર્થી અભિવાદન**





(૭૫ ટકા ત્થા એના થી ઉપર ગુણાંક મેળવેલ હશે
તેમનોજ બહુમાન કરવામાં આવશે)

ભરત વિક્રમશી (પ્રમુખ) • ભદ્રેશ છેડા (માનંદ્‌મંત્રી)
મો. ૯૮૨૦૫ ૩૨૨૫૧ મો. ૯૯૨૦૮ ૯૦૯૪૧

આ શુભ પ્રસંગે પધારી શોભામાં અભિવૃધ્ધી કરોશોજી.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનું ચતુર્થ સંમેલન



સંમેલનમાં ઉપસ્થિત સાધ્વીગણ



સંમેલન પ્રમુખ શ્રી મુલચંદભાઇ મોતાનું બહુમાન



શોભા યાત્રા



શોભા યાત્રા



પધારેલા પ્રતિનિધિઓ તથા મહાનુભાવો



પધારેલા પ્રતિનિધિઓ તથા મહાનુભાવો



રાસ ગરબામાં ઉમંગભેર
રમતા જ્ઞાતિજનો



રાસ ગરબામાં ઉમંગભેર
રમતા જ્ઞાતિજનો



યુથ ફેસ્ટ કાર્યકર્તાઓ



ક.દ.ઓ. ભૂષણ એવોર્ડ
સ્વીકારતા શ્રી જયેશ જૈન



શ્રી પ્રવિણભાઇ લોડાયાનું બહુમાન



સંમેલનમાં ઉપસ્થિત નારી શક્તિ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનું ચતુર્થ સંમેલન

શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલીયા (૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૮)

**મુખ્ય સહયોગી : શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી હસ્તે શેઠશ્રી હંસકુમાર બી. ખીમજી - તેરા-માટુંગા**

શ્રી ચંદ્રપ્રભદાદા તથા અનંતનાથ દાદાની મીઠી મહેર, દેવ-ગુરૂની કૃપા, વડિલોના આર્શિવાદ, આચાર્ય ભગવંતો સહ શ્રમણ-શ્રમણીવંદની કૃપા અને આશિર્વાદ તેમજ ગામેગામના મહાજનોની પધરામણીથી આહલાદક ખુશનુમા વાતાવરણ વચ્ચે ચતુર્થ સંમેલન, પ્રથમ રાષ્ટ્રીય નારીશક્તિ-૨૦૧૮ સંમેલન એવં પ્રથમ રાષ્ટ્રિય યુવાફેસ્ટ-૨૦૧૮ સંમેલનની કાર્યવાહી દબદબાભેર સંપન્ન થઇ.

આ મહામહોત્સવની સફળતામાં આપ સૌ જ્ઞાતિજનોનો અનન્ય ફાળો રહેલ છે.

આપ સૌના અનેરા સાથ અને સહકારથી, નલિયા મહાજનશ્રીની ઉત્કૃષ્ઠ યજમાનગિરીથી ચતુર્થ સંમેલનને ચાર ચાંદ લાગી ગયા.

આપ સૌ જ્ઞાતિજનો, શ્રેષ્ઠિવર્યો, દાતાઓ, આમંત્રિતોનો આભાર માનતાં ઋણ સ્વીકારતા અમારા હેયા ગદ્ગદિત થયા છે.

**આભાર..... અનુમોદના..... ઋણ સ્વીકાર..... અભિવાદન..... ક્ષમાયાચના..... અપેક્ષા.....**

## ચતુર્થ સંમેલનની કાર્યવાહીઓ

- કેડીઓ ગ્લોબલ કાર્ડ
- માયનોરીટી સેલ
- સમૂહ પહેડી
- માઇક્રો ફાઇનાન્સ
- સંજીવની મેડીકલ યોજના
- વેન્ચર કેટાલીસ્ટ
- સમસ્ત મહાજન મધ્યસ્થ જીવદયા ફંડ
- શાલીભદ્ર યોજના
- આવાસ યોજના
- સ્વરોજ પ્રકલ્પ
- સીનીયર સીટીઝન માટે યોજના
- લવાદ પંચ
- b 2 b યોજના (ક.દ.ઓ. વચ્ચે વ્યાપાર)
- દિવ્યાંગ પેન્શન યોજના
- શિક્ષણક્ષેત્રે ઉચ્ચ શિક્ષણમાં ટાઇઅપ
- ક.દ.ઓ. જ્ઞાતિનો લોગો
- નવા બંધારણને મંજૂરી
- નાની ન્યાતના જ્ઞાતિમાં વિલિનીકરણને માન્યતા સહ નોંધ

❖ વિશિષ્ઠ સેવા / ઉપલબ્ધિ બદલ જ્ઞાતિના વડીલો, તારલાઓને **ક.દ.ઓ. જ્ઞાતિરત્ન, ક.દ.ઓ. જ્ઞાતિભૂષણ** અને **ક.દ.ઓ. જ્ઞાતિ ગૌરવ** ઇલકાબોથી નવાજાયા. સૌ બહુમાન ધારકોની નલીયા પધારી જ્ઞાતિનો એવોર્ડ સ્વીકારવા બદલ અનુમોદના અને અભિવાદન.

❖ ૧૧ શાઈનીંગ સ્ટાર પાઠશાળા (પ્રોજેક્ટર અને કમ્પ્યુટર દ્વારા આજના બાળકોને મનગમતું જૈનીઝમ ઉપર શિક્ષણ)નું વચન શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર તરફથી. કેડીઓ મહાજન - સંઘની પાઠશાળા માટે સંપર્ક કુમાર બાબુભાઇ દંડ - ૯૩૨૨૬૮૦૦૦૮

❖ અબડાસાના ધારાસભ્ય શ્રી પધુમનસિંહજી જાડેજાએ સંમેલનમાં પધારી ગુરૂભગવંતો અને આપણને યોગ્ય સહકારની આપેલ બાંહેધરી બદલ આભાર.

❖ ભારતીય જૈન માયનોરીટી સંઘના પ્રમુખ શ્રી લલીતભાઇ ગાંધી (કોલ્હાપુર)એ નલીયા પધારી આપણને યોગ્ય માર્ગદર્શન આપી ઉપકૃત કર્યા. આભાર.

❖ ચારેય ડૉમની કલાત્મક રચના, ડેકોરેશન એવં આધુનિક સીટીંગ વ્યવસ્થા તથા ભોજનમંડપના સર્વ આયોજનો સુંદર રીતે વિચારી, આધુનિક પધ્ધતિથી દરરોજ નીતનવા સ્વાદિષ્ટ ભોજન પીરસી સૌને જમાડ્યા તેવા સર્વશ્રેષ્ઠ આયોજનકાર પ્રવિણ લોડાયા, જયેશ જૈન અને મનોજ લોડાયાની ભૂરી ભૂરી અનુમોદના.

❖ આ ચતુર્થ સંમેલનની કાર્યવાહી દરમ્યાન કાર્યકર, પદાધિકારી, ટ્રસ્ટી તરફથી કોઇને પણ મનદુઃખ થયું હોય તો સર્વેની ક્ષમાયાચના સાથે મિચ્છામિ દુક્કડમ્.

**અને ભવિષ્યમાં પણ આપ સૌના આવા જ સાથ - સહકારની અપેક્ષા સહ....**

આયોજક

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**

મેનેજીંગ ટ્રસ્ટીઓ : શ્રી તિલોકચંદ નરશી દંડ, શ્રી પ્રવીણ હંસરાજ લોડાયા, શ્રી કિર્તી ધનજી ધરમશી તથા સમસ્ત ટ્રસ્ટીગણ

સેક્રેટરી જનરલ : શ્રી નિશીથ આણંદીલાલ દંડ ● સહસેક્રેટરીઓ : સર્વશ્રી રમેશ મોતા, કુમાર દંડ, પીનાકીન છેડા, ફોરમ લોડાયા



યજમાન

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, નલીયા**

સંમેલન પ્રમુખ : શ્રી મુલચંદ પદમશી મોતા ● સ્વાગત પ્રમુખ : શ્રી દિલીપ કુસુમકાંત નાગડા

સમસ્ત ટ્રસ્ટીગણ અને કારોબારી સમિતિ તથા નલીયા ગામવાસીઓ

''સાથી હાથ મિલાના, એક અકેલા થક જાયેગા, મિલકર બોજ ઉઠાના''

## ચતુર્થ સંમેલને પસાર કરેલ મુખ્ય પ્રકલ્પ / યોજનાઓ

### અન્ય પ્રકલ્પો/યોજનાઓ

• માયનોરીટી સેલ • માઇક્રોફાઇનાન્સ • મધ્યસ્થ જીવદયા ફંડ • વેન્ચર કેટાલીસ્ટ • b2b યોજના • સીનીયર સીટીઝન યોજના • લવાદ પંચ • સમૂહ પહેડી • ક.દ.ઓ. જ્ઞાતિનો લોગો • શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણમાં ટાઇઅપ • નવા બંધારણને મંજુરી • શાલીભદ્ર યોજના

સૌના સાથ સહકારની અપેક્ષા.

### આવાસ યોજના

બદલાપુરમાં ૩૦૦/૩૨૫ ફુટના બ્લોક દાતાઓની સહાયથી ખરીદી જરૂરિયાત મંદ જ્ઞાતિજનોને ૩ વર્ષ માટે એલોટ કરવા. ભાડું રૂા. ૫૦૦/- માસિક. કાયદાકિય પેપર્સ સહી કરવાના રહેશે. દાતાઓ મળેથી આ સ્કીમ બે વર્ષમાં પૂરી કરવાની ઇચ્છા છે. ૨૫ બ્લોકની બે બીલ્ડીંગ માટે બીલ્ડર તૈયાર છે. રૂા. ૧૧/- લાખ પ્રત્યેક બ્લોકના લાગશે ચાર જ્ઞાતિજનોએ પોતાના નામ લખાવ્યા છે. બ્લોક દાતાને નામે જ રહેશે. જ્ઞાતિજનો ૩ વર્ષ સુધી લાભ લઇ શકશે. વધુ દાતાઓની અપેક્ષા.

### સંજીવની મેડીકલ સ્કીમ

જ્ઞાતિજનોને ત્વરિત જરૂરિયાતની સહાય માટે લોકફાળો (Croud Funding) ની યંત્રણા એપ મારફત સંજીવની યોજના સર્વીસ ચાર્જ સહિત ઊભી કરવાનું સંમેલને ઠરાવેલ છે. જ્ઞાતિજનોને ઓપરેશન કે લાંબી બિમારી માટે આર્થિક મદદ મળી શકે તે માટે એપ દ્વારા લોકફાળો ભેગો કરી બે/ત્રણ દિવસમાં મદદ કરવાની આ યોજના બહુજ સમયસરની છે. શ્રેષ્ઠિવર્યોએ જરૂરિઆત મુજબ ફાળો નોંધાવવાની જવાબદારી લીધેલ છે. શરૂઆત કરવા આણંદ પરિવાર (નરેન્દ્ર દંડ) દ્વારા રૂા. ૫ લાખના વચન મળેલ છે. આભાર

### દિવ્યાંગ પેન્શન યોજના

આપણી જ્ઞાતિના દિવ્યાંગો માટે પેન્શન યોજના શરૂ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે સંમેલને મંજુરી આપી હતી. આ યોજના માટે માસીક પેન્શન આપવાની જાહેરાત સાથે જેમ ગ્રુપના શ્રેષ્ઠીએ ૩ વર્ષ સુધીના કુલ રૂા. ૩૦ લાખની જાહેરાત કરી હતી. કુલ ૩૫ લાભાર્થીઓ છે.

### કેડીઓ ગ્લોબલ કાર્ડ

જ્ઞાતિજનોની ઓળખ ઊભી કરવા માટે સરકારી કે ગેરસરકારી યોજનાઓના લાભ લેવા માટે તેમજ જૈન માયનોરીટી સ્ટેટસમાં શિક્ષણ એવં અન્ય બાબતો માટે લાભ લેવા સર્વે જ્ઞાતિજનોનુ ગ્લોબલ કાર્ડ તથા ૨૪ કલાક કાર્યરત કોલ સેંટર હોવું જરૂરી હોઇ તે બાબતની યંત્રણા ઊભી કરવા ખર્ચ કરવાની ટ્રસ્ટ બોર્ડને સંમેલને સત્તા આપી છે. સમસ્ત મહાજનોની સર્વે સેવાઓ ગ્લોબલ કાર્ડ ધરાવનારને જ મળશે. હાજર સૌએ યોજનાને વધાવી લીધી હતી. ૫ લાખના ૮ પ્લેટિનમ કાર્ડ સહિત અનંતનાથજી ટ્રસ્ટે મુંબઇના જ્ઞાતિજનો માટે ૧૪૦૦ કાર્ડ એવં અન્ય ગામના મહાજનોએ પોતાના ગામના સૌ પરિવારો માટે નામ નોંધાવ્યા હતા. ગોલ્ડ એવં સીલ્વર કાર્ડ પણ નોંધાવ્યા છે.

આભાર, અનુમોદના

### સ્વરોજ યોજના

જ્ઞાતિજનો ઘેર બેઠે કુટુંબની આવકમાં વધારો કરી શકે તે માટે વ્યવસાયિક ધોરણે ઉત્પાદન કરે વસ્તુઓના વેચાણને જ્ઞાતિની 'કેડીઓ' બ્રાંડની કંપની સ્થાપી, માર્કેટીંગ ઇન્ફ્રાસ્ટ્રચર ઉભું કરવા તેમજ ઉત્પાદન માટે યંત્રણા ઉભી કરવા સંમેલને ટ્રસ્ટ બોર્ડને રજા આપેલ છે.

આ યોજનાને સહુએ ઉત્સાહીત પ્રતિસાદ આપેલ છે રૂા. દોઢ લાખ કે વધુના શેર હોલ્ડીંગ માટે ૫૦ થી વધુ જ્ઞાતિજનોએ કુલ ૮૦ લાખનું કમીટમેન્ટ આપલે છે.

ધન્યવાદ

આભાર

સર્વે સખીદિલ દાતાઓને ધન્યવાદ

સર્વે કમિટી મેમ્બર્સ, કાર્યકરોને ધન્યવાદ

# જ્ઞાતિમાં સુવર્ણ ઈતિહાસ રચાયો
# ચતુર્થ સંમેલન સફળતાપૂર્વક સંપન્ન

૨૭ વર્ષના વહાણા બાદ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનું ચતુર્થ સંમેલન ૨૩-૨૫ ડિસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન કચ્છ નલિયા મધે યોજાઈ ગયું. જ્ઞાતિ સમસ્તના યુવા-નારી શક્તિ એવં જ્ઞાતિજનો સૌ અત્યંત ઉત્સાહિત હતા અને આગલે દિવસે સૌ નલિયા પહોંચી ગયા હતા.

રવિવાર, તા.૨૩મીના સવારના બરાબર ૯.૩૦ વાગ્યે નલિયા ગામના ચોતરે, અબડા અડબંગના સ્મૃતિચોક પાસે સૌએ તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા. અને અન્ય સાધુભગવંતને સામૈયામાં વંદન કરીને સંમેલન સ્થળ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર ખાતે સરધસાકારે પધાર્યા. ઢોલ, બેડાં અને ગહુલી દ્વારા વિધિવત એમનું સ્વાગત કરાયું. તે બાદ જૈન ધર્મના ધર્મધ્વજને વાસક્ષેપથી વધાવીને ધ્વજ સમસ્ત મહાજનના પદાધિકારીઓએ ફરકાવ્યો. સંમેલનના ડોમનું ઉદ્‌ઘાટન પ.પૂ.અચલગચ્છાધિપતિના વાસક્ષેપ આશિર્વાદ સાથે ૩જા સંમેલનના પ્રમુખશ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના અને સંમેલન મુખ્ય સહયોગી શેઠશ્રી હંશકુમાર બી. ખીમજીએ ઉદ્‌ઘાટન કર્યુ. પૂજ્યશ્રીઓ મંચસ્થ થતાં તેમનું વિધિવત વંદન દ્વારા સ્વાગત કરાયું. ગચ્છાધિપતિશ્રીએ માંગલિક સંભળાવી આર્શિવાદ આપ્યા અને પ.પૂ.આચાર્યશ્રી વીરભદ્રસાગરસૂરિએ પ્રાસંગિક પ્રવચન કર્યું. મુનીરાજ શ્રી પ્રિયંકરસાગર મ.સા.એ જ્ઞાતિનો ઈતિહાસ યાદ કરીને આગળની પેઢીઓ માટે સર્વદિશિય કાર્ય કરવા આદેશ આપીને, સૌ વતન પધાર્યા તે બદલ ખુશી વ્યક્ત કરતાં, દરેકને પોતાના વતનની ધરોહરો-દેરાસરો-સંસ્થાઓનો ખ્યાલ કરી યોગ્ય યંત્રણા ઊભી કરવા તેમજ વતનમાં રહેતા જ્ઞાતિજનો એવં આપણા પરિસરમાં રહેતા ચોપગા પ્રાણીઓ માટે દુષ્કાળના સમયે પાણી/ઘાસચારાની વ્યવસ્થા કરવા આદેશ આપ્યો. દિવ્યાંગોએ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી.

અરિહંત પરમાત્મા અને દેવીઓના ફોટા એવમ્ જ્ઞાતિ શિરોમણી નરશીનાથા છબીને પૂષ્પમાળાથી આભૂષિત કરી પ.પૂ. ગચ્છાધિપતિશ્રી ગુણોદયસાગરશ્રીનું ચડાવા બાદ લાભાર્થીઓ દ્વારા ગુરૂપૂજન કરાયું હતું અને કામળી વહોરાવાઈ હતી. સંમેલન દરમ્યાન પાંજરાપોળમાં પશુઓને લીલો ચારો / લાપસી આપવાનું નક્કી થયું હતું.

સ્વાગત પ્રમુખ શ્રી દિલીપ કુસુમકાંત નાગડાએ સૌને આવકાર્યા હતા. ૩જા સંમેલનના પ્રમુખશ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાએ સંમેલન ખુલ્લું મૂકાયાની જાહેરાત કરીને ચતુર્થ સંમેલનના પ્રમુખશ્રી મુલચંદ પદમશી મોતાને સુકાન સોંપ્યું હતું.

સેક્રેટરી જનરલ શ્રી નિશીથ દંડે સૌને આવકારીને કાર્યવાહી બાબત જાણકારી આપી હતી. અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ પ્રાસંગિક પ્રવચનમાં આ દુષ્કાળની પરિસ્થિતિમાં સરકાર તરફથી સર્વે યોજનાનો લાભ આપણા પરિસરની પાંજરાપોળ-ગૌશાળા-ઢોરવાડાને મળે અને પરિસરમાં રહેતા ગ્રામ્યજનોને પાણીની સગવડ બરાબર જળવાય તેની તકેદારી રાખવાની જવાબદારી સ્વીકારી હતી.

પૂ.સાધુભગવંતોએ વિદાય લેતાં આર્શિવાદ આપ્યા હતા અને આવતી પેઢીને ધાર્મિક શિક્ષણ આપવા ભલામણ કરી હતી. શ્રેષ્ઠીવર્ય રાયચંદ હંશરાજ ધરમશી પરિવાર તરફથી ૧૦ સાઈનીંગ સ્ટાર પાઠશાળા શરૂ કરવા સંમતી અપાઈ છે અને એક પાઠશાળા આણંદ પરિવાર તરફથી જાહેર થઈ હતી. ભોજનનો સમય થઈ જતાં સૌ ભોજન લેવા પધાર્યા હતા.

સંમેલનનું બીજું સત્ર, સંમેલનનું પ્રથમ અધિકૃત સત્ર હોતાં, સર્વે મહાજનોના પ્રતિનિધિઓ/ડેલીગેટો સાથે શરૂઆત થઈ હતી. મુંબઈ મહાજનની આગેવાની હેઠળ જ્ઞાતિના સર્વે મહાજનો, ગામોના અધિકારીઓ/અધિકૃત પ્રતિનિધિઓની તા.૨૩૦૨-૨૦૦૮ના ભાંડુપ મુકામે બોલાવેલ અધિવેશનમાં ક.દ.ઓ.નાની ન્યાતનું આપણી જ્ઞાતિમાં થયેલ વિલિનીકરણને માન્યતા સહ નોંધ લેવાઈ હતી. તા.૨૫-૧૧-૨૦૧૮ના મહાસમિતિએ સર્વાનુમતે પસાર કરેલ શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના સુધારેલ બંધારણને આજરોજ સંમેલનની બહાલી લેવાઈ હતી અને આજથી શ્રી સમસ્ત મહાજનનું નવું બંધારણ અમલમાં આવે છે ની જાહેરાત કરાઈ હતી.

આવતા બે દશકમાં જ્ઞાતિને વિકાસ તરફ દોરવા માટેની યંત્રણા સમજાવવામાં આવી હતી અને 'કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડ' બાબત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી રજૂઆત પડદા પર કરાઈ હતી. આ કાર્ડ જ્ઞાતિજનોની એક ઓળખ બની રહેશે. સમસ્ત મહાજન જે યોજનાઓ રજૂ કરે તેનું આ કાર્ડના ધારકને જ લાભ મળશે. શ્રી નિશીથ દંડે એમાં પ્રિમીયમ કાર્ડની પણ યોજના જણાવી હતી. જે પાંચ લાખ રૂપિયાનું રહેશે. આવા પ્રિમીયમ કાર્ડ શ્રેષ્ઠીઓએ નોંધાવ્યા હતા અને દરેક ગામના મહાજનોએ પોતાના ગામના દરેક કુટુંબોને આવરી શકાય, તે માટે સાધારણ ફંડોમાં નામ નોંધાવ્યા હતા. મુંબઈ માટે શ્રી અનંતનાથજી ટ્રસ્ટે ૧૪૦૦ સાધારણ કાર્ડ નોંધાવ્યા હતા. આમ કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડને જ્ઞાતિએ વધાવી લેતાં ખુશીનો માહોલ સર્જાયો હતો.

● ભારત સરકારે જૈનોને લઘુમતી સ્ટેટ્સ આપેલ છે. આ અન્વયે મળતી તમામ સગવડો અને ફાયદા જ્ઞાતિજનો માટે મેળવવાની યંત્રણા ઊભી કરવાની ટ્રસ્ટબોર્ડને સંમેલને સંપૂર્ણ સત્તા આપી હતી અને સમિતિની રચના કરવામાં આવી હતી.

● આપણી જ્ઞાતિમાં દેવી-દેવતા-પીરની પહેડીઓનું ચલણ વધી ગયું છે. એક જ દેવીને માનતા જુદા-જુદા ગોત્ર પહેડી યોજે છે. ઘણા ગામવાર તથા કુટુંબવાર યોજે છે. આમંત્રિતો એવં

શ્રેષ્ઠીઓનો આ પહેડીઓમાં આવવા જવામાં વ્યવસાયિક સમય વેડફાય છે. દેખાદેખીમાં અન્ય ખર્ચા થાય છે. આ સમસ્યાનો બધાને માન્ય ઉકેલ શોધવા શ્રી પ્રવીણભાઈ લોડાયાના પ્રમુખપદે સમિતિ નિમવા સંમેલને ઠરાવ કર્યો છે. સમિતિના સભ્યોને છ મહિનામાં અહેવાલ આપવા ભલામણ કરાયેલ છે.

● શિક્ષણક્ષેત્રે વિવિધ સંસ્થાઓ સ્કુલ/કોલેજ સાથે ટાઈઅપ કરી નવા એડમીશન માટે સીટ રીઝર્વ કરવી. એન્જીનીયરીંગ-મેડિકલ-કાયદોના પ્રવેશ માટે સંસ્થાઓના કોટામાં ડોનેશન વગર એડમીશન મેળવી આપી સહાયરૂપ થવાની યંત્રણા ગોઠવાઈ છે. પાંચ/છ સંસ્થાઓમાં સીટ માટે ટાઈઅપ થયું છે. ફીસ માટે VLVG કે દાતા સાથે વાત કરવાનું વિચારાયું છે.

● ક.દ.ઓ. જ્ઞાતિની વિશ્વમાં આગવી ઓળખ ઊભી કરવા સંમેલને લોગોની ડીઝાઈન પાસ કરી છે. દરેક કચ્છી દશા ઓસવાલ મહાજન/સંસ્થા/જ્ઞાતિજનો પોતાની સંસ્થાના લોગો સાથે જ્ઞાતિનો લોગો વાપરશે અને પોતાની ઓળખ ઊભી કરશે.

● જ્ઞાતિમાં લગ્નજીવનના ક્લેશ અને છુટાછેડાને લગતા કિસ્સાઓમાં સ્થાનિક મહાજનો દ્વારા નિવેડો લાવવો. તેમ શક્ય ન હોય તો સમસ્ત મહાજન દ્વારા નિમાયેલ લવાદ પંચ દ્વારા યોગ્ય નિવેડો લાવવાની યંત્રણા ઊભી કરવી. કે જેથી ફેમીલી કોર્ટમાં નિયમાનુસાર છુટાછેડા સમયસર કરાવી શકાય. ૪ જણના લવાદપંચની રચના કરવામાં આવી હતી.

● જ્ઞાતિમાં વૃદ્ધોને વૃદ્ધાશ્રમમાં દાખલ કરવાને બદલે તેમના માટે વિવિધ સ્કીમ યોજી તેમની વૈદકિય સગવડ, આવક, ઈન્સ્યુરન્સ જેવા કાર્યો કરવા એક સમિતિની રચના કરવામાં આવી હતી.

● સ્વરોજગાર (Self employed) જ્ઞાતિજનો માટે પોતાના વ્યાપારના વિકાસ માટે/નવું સાહસ શરૂ કરવા માટે કોઈપણ જાતના કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ માટે રૂા.૫૦૦૦ થી રૂા.૧,૦૦,૦૦૦ સુધી લોન મળી શકે તે માટે Microfinanceની યંત્રણા કરવાનું ઠરાવાયું હતું. તે માટે ૧ કરોડનું ભંડોળ ભેગું કરવું, જ્ઞાતિજનો પાસેથી ડોનેશન/વ્યાજ વગરની એફ.ડી/લોન લેવી કે બેંક સાથે ટાઈઅપ કરવાનુ વિચારાયું છે. જ્ઞાતિજનોએ પોતાના લોન/ડોનેશન નોંધાવ્યા હતા.

● સમસ્ત મહાજનની મેડીકલ અવેરનેશ કમિટી છેલ્લા છ માસથી કાર્ય કરે છે. KDO ડોક્ટર્સ/પેરા મેડીકલ વર્કર્સની ડીરેક્ટરી સંમેલનમાં બહાર પાડી છે. ૬/૮ હોસ્પિટલ સાથે ટાઈઅપ કર્યું છે. મેટ્રોપોલીસ સાથે ટેસ્ટીંગ ૨૫% ડીસ્કાઉન્ટમાં કરાવાની સગવડનો MOU કર્યો છે. હાલમાં સમાજમાં રહેણીકરણી/ખાનપાન/સ્ટ્રેસને કારણે માંદગી વધી છે. યોગા અને મેડીટેશનના વર્ગ શરૂ થશે. મોટી બિમારી કે ઓપરેશન આવે ત્યારે જ્ઞાતિજન ગભરાઈ જાય છે. ખર્ચમાં કેવી રીતે પહોંચાશે? તેની ભીતિ રોગ વધારે છે. સમસ્ત મહાજને સંમેલનની પ્રિમીયમ સ્કીમ રજૂ કરી છે. આપને ઓપરેશન કે લાંબી બિમારીમાં સહાયની જરૂર પડે, મેડીકલ ઈન્સ્યુરન્સ પુરતું ન હોય કે ન જ હોય ત્યારે આપ ફોટો અને જરૂરી લાગતા કાગળો મોકલશો તો ૨૪ કલાકમાં આપના મહાજને O.K. કરવાનું રહેશે તે બાદ જ્ઞાતિના સીનીયર ડોક્ટર્સની ટીમ ફાઈલ તપાસશે. જરૂર પડે હોસ્પિટલ સાથે ઉપચાર યા ખર્ચ બાબત પૂછા કરશે કે કન્સેસન મેળવવા પ્રયત્ન કરશે અને તેઓ ૨૪ કલાકમાં ફાઈલ પરત કરીને રજા આપશે ત્યારે આપના ફોટા/નામ/વિગત સહિત વેબ ઉપર આપે માગેલ મદદમાં સહાય કરવા જ્ઞાતિજનોને અપીલ કરાશે. શ્રેષ્ઠીવર્યોને આ બાબત અવગત કરાયા છે. જ્ઞાતિજનો વિગત પ્રમાણે વેબ પર પોતાની મદદ નોંધાવશે અને જરૂરી રકમ ભેગી થતાં તે પોર્ટલ બંધ થશે અને દર્દીની હોસ્પિટલના ખાતામા રકમ વેબ દ્વારા જમા કરાશે. આ સ્કીમમાં સારા દાન નોંધાઈ ગયા છે. આપ પણ નામ નોંધાવશો. આ લોકફાળાની (Crowd Funding) સ્કીમ ચલાવવા એડમીનીસ્ટ્રેટીવ ચાર્જ સમસ્ત મહાજન રાખશે.

● યુવાઓ/એન્ટરપ્રીનર્સને નવો ધંધો કરવા/ધંધો વધારવા મૂડીની જરૂર પડે તો Venture Catalyst ની સ્થાપના કરવાનું ઠરાવાયું છે. પ્રપોઝલ મળેથી વ્યવસાયિક કંપની Capital Venture ઊભું કરી આપશે. જ્ઞાતિના જાણીતા વેન્ચર ફંડ વ્યવસાયિક શ્રી રવિ રાયચંદ ધરમશી આ પ્રોજેક્ટ દ્વારા જ્ઞાતિસેવાના યજ્ઞમાં જોડાયા છે.

● સંમેલને જ્ઞાતિનું શ્રી કેડીઓ સમસ્ત મહાજન 'જીવદયા મધ્યસ્થ ફંડ' સ્થાપવાનું નક્કી કરેલ છે. દરેક જ્ઞાતિજનોને ધાર્મિક એવુ કૌટુંબિક સારા/નરસા પ્રસંગોએ દાન આપવા વિનંતી કરાઈ છે. દરેક મહાજનને આ બાબત યંત્રણા ઊભી કરી સહાય કરવા જણાવાયું છે. શ્રી પ્રવિણ લોડાયાની પ્રમુખપદેની આ સમિતિમાં જ્ઞાતિની પાંચેય પાંજરાપોળના ટ્રસ્ટીઓ સભ્ય રહેશે.

● સમસ્ત મહાજન જ્ઞાતિ માટે અવિરત કાર્ય કરી શકે અને સંસ્થાઓ/જ્ઞાતિજનોને આર્થિક રીતે સહાયરૂપ બની શકે તે માટેની આર્થિક યોજના-શાલીભદ્ર યોજના-અમલમાં મૂકવાની રહેશે. ટીપે ટીપે સરોવર ભરાય તેવી એકબીજાને મદદ કરવાની આ યોજના વિષે વિગતવાર આવતે મહિને જ્ઞાતિમૈયા/પ્ર.સમીક્ષામાં આપવામાં આવશે.

● જ્ઞાતિજનો પોતાનો ધંધો જ્ઞાતિજનોમાં વધારી શકે તે માટે b2b (portel) સમિતિની રચના કરવાનું સંમેલન ઠરાવે છે. કાર્યવાહી ચાલુ જ છે. બધાયના સંપર્ક થઈ રહ્યા છે.

● બદલાપુરમાં ૩૦૦/૩૨૫ સ્કે.ફુટના બ્લોક દાતાઓની સહાયથી ખરીદી જ્ઞાતિજનોને ૩ વર્ષ માટે એલોટ કરવા ફક્ત રૂા.૫૦૦/- ભાડું ભરવાનું છે. કાયદાકીય પેપર્સ જ્ઞાતિજને સહી કરી આપવા પડશે. દાતાઓ મળેથી સ્કીમ તૈયાર કરી બે વર્ષમાં પ્રોજેક્ટ પૂરું કરવાનું સંમેલન ઠરાવે છે. દાતા આવકાર્ય છે. એક ફ્લેટની કિંમત લગભગ ૧૧ લાખ છે. જે દાતાને નામે રહેશે. દાતા ૨૦ વર્ષ સુધી ફ્લેટ વહેંચી નહીં શકે. ૨૫ બ્લોકની

બિલ્ડીંગ એવી બે બિલ્ડીંગની ઓફર છે. ૪ દાતાએ નામ નોંધાવ્યા છે.

● સ્વરોજગાર યોજના : જ્ઞાતિજનો ઘેરબેઠે આવકમાં વધારો કરી શકે તે માટે વ્યવસાયિક ધોરણે ઉત્પાદન કરેલ વસ્તુઓની વેચાણને જ્ઞાતિની કેડીઓ દશા બ્રાન્ડની કંપની સ્થાપી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા તેમજ ઉત્પાદન માટે યંત્રણા ઉભી કરવા સંમેલને ટ્રસ્ટબોર્ડને સંપૂર્ણ સત્તા આપેલ છે. આ યોજના નારી સંમેલનમાં રજૂ કરાઈ હતી. ૧.૫ લાખનું રોકાણ કરનાર જ્ઞાતિજનો કંપનીના શેરહોલ્ડર બન્યા છે. આ કંપનીમાં ૮૦ લાખનું રોકાણ જ્ઞાતિજનોએ કરેલ છે.

● દિવ્યાંગો માટે દવા/માવજત વગેરે માટે પેન્શન યોજના શરૂ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા સંમેલને ટ્રસ્ટ બોર્ડને રજા આપી છે. દર મહિને રૂા.૨૫૦૦/- લેખે ૩૦ દિવ્યાંગોને આપવાનું વિચારાયું છે. સમિતિ બનાવાઈ છે. આ યોજનામાં જ્ઞાતિના શ્રેષ્ઠીવર્ય(જોય ગ્રુપ) ૩ વર્ષ સુધી મદદ કરવા ૩૦ લાખની જાહેરાત કરેલ છે.

● જ્ઞાતિના સિનીયર ડૉક્ટરો બીજે દિવસે સંમેલનમાં પધાર્યા હતા. તેમણે ત્રણે ડોમમાં (વૈદકિય) મેડિકલ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. શ્રીમતી ડૉ. અને ડૉ. હરિશ લાપસિયા (અંબરનાથ), શ્રી રાજેશ ધરમશી (સાંગલી), ડૉ. કુ. ઉષાબેન મૈશેરી (વલસાડ), ડૉ. કુ. ઈલાબેન મૈશેરી, ડૉ. શ્રી મધુકાંતભાઈ ધરમશી (ગાંધીધામ)નો આભાર માનીએ છીએ. ડૉ. મધુકાંત ધરમશીએ ચારે દિવસ સંમેલન સ્થળે મેડિકલ સેન્ટર સંભાળીને જ્ઞાતિજનોને સેવા આપી હતી. શ્રી છત્રપતિ દંડે એક્યુપ્રેશર પદ્ધતિથી જ્ઞાતિજનોને સેવા આપી હતી.

● જાણીતા એંકર ઉત્તમ છેડાએ ત્રણે દિવસ પોતાની આગવી છટાથી જ્ઞાતિજનોને જકડી રાખ્યા હતા. જ્ઞાતિનો જૂનો ઈતિહાસ યાદ કરીને સૌને પ્રેર્યા હતા. પ્રથમ દિવસે 'મહાજનનો મિલાપ' કાર્યક્રમમાં મહાજનોની સર્વોપરિતા, ઉપયોગિતા એવમ્ આપણા વ્યક્તિત્વને ઉભારવા આપણી આ સંસ્થાઓ સર્વ દિશિય કાર્ય કરે છે તેની આવતી પેઢીને શીખ આપી હતી. આ કાર્યક્રમથી સૌ હાજર જ્ઞાતિજનો ભાવુક થયા હતા અને કાર્યવાહીમાં પોઝિટીવ સપોર્ટ આપીને આયોજકોને ઉત્સાહિત કર્યા હતા.

ચતુર્થ સંમેલન સાથે પ્રથમ રાષ્ટ્રીય નારી શક્તિ સંમેલન પણ યોજાયું હતું. જેનું આયોજન સમસ્ત મહાજનની નારી શક્તિ સમિતિએ સંભાળેલ. નારીઓને લગતા વિષય પર ત્રણે દિવસ જુદા જુદા વિષયે વિવિધ વક્તાઓએ સંબોધન કરેલ. ભાવિકા હેફા(લાડ) એ ક્રિએટીંગ યોર સેલ્ફ, દિવ્યા મોમાયાએ 'હાઉ ટુ સેટઅપ અ બિઝનેસ' અરિહંત બેંક દ્વારા નવા ધંધા માટે બહેનો માટે સ્પેશિયલ સ્કીમ બાબત, એડ.મિનલબેન ખોના દ્વારા નારીના કાયદાકીય હકક અને વિલ શું કામ અને કેવી રીતે બનાવવું બાબત માહિતી અપાઈ. મેડિકલ ટીમે વિવિધ વિષયે જાણકારી આપી. શ્રીમતી ગીતિકા વિકમશીએ ડિઝીટલ અવેરનેસ, મીનલબેન દંડ અને પલ્લવી ધરમશી, જયશ્રીબેન દંડ વગેરે વિવિધ વિષયે જાણકારી આપી. લતાબેન મોમાયા, ભારતીબેન દંડ, કાશ્મીરાબેન લુઠિયા, મીતાબેન મોતા વગેરે સૌએ નારીઓના સામાજિક ઉત્તર દાયિત્વ અને ઉત્થાન માટે વર્કશોપ રાખી સમજાવ્યું. સ્વરોજ યોજનાનું નારી શક્તિ-૨૦૧૮માં રજૂઆત કરી, ચતુર્થ સંમેલનમાં તેની જાહેરાત કરાઈ હતી. રોજ ડ્રેસકોડ પ્રમાણે શોભતી બહેનોએ પ્રથમ રાષ્ટ્રીય સંમેલન માણ્યો હતો અને વિચારવિમર્શ કરતાં સહુ નજદિક આવ્યાં હતાં અને ભવિષ્યમાં આ સમિતિનું કાર્ય આગળ વધારવાનું ઠરાવ્યું હતું.

પ્રથમ યુવા ફેસ્ટ-૨૦૧૮માં ત્રણે દિવસ યુવાઓ પોતાને યોગ્ય કાર્યક્રમ ગોઠવીને માણ્યો હતો. મેનેજમેન્ટ ગેમ્સ, મોટીવેશનલ સેમિનાર, સ્ટેન્ડઅપ કોમેડી, બીટ બોક્સીંગ, સ્ટ્રીટ મેજીક એન્ડ મીમીક્રી, સ્ટ્રેસ મેનેજમેન્ટ એન્ડ ગોલ સેટીંગ વગેરે અનેક વિષયે ખાસ સ્પીકરોને મુંબઈથી બોલાવીને યુવાઓને યોગ્ય જાણકારી/ટ્રેનિંગ મળે તેવી વ્યવસ્થા કરાઈ હતી. વેન્ચર કેપીટલનો પ્રોજેક્ટ યુવામાં રજૂ થયો હતો અને ચતુર્થ સંમેલનમાં વિગતો અપાઈ હતી. દુબઈથી ખાસ પધારેલ આપણા યુવાન મનિષ જૈને યુવાઓને માર્ગદર્શન આપ્યું હતું. બીજે દિવસે રાતના સંગીતને સથવારે રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. ઉત્તમ છેડાએ રમત રમાડી હતી, કપલને ગીતો ગવડાવ્યા હતા. સૌ મોડી રાત સુધી મોકળા મેદાનમાં ઝૂમ્યા હતા. જુદી જુદી કેટેગરીમાં ઈનામો પણ યુવા ટીમની ચયન સમિતિ દ્વારા અપાયા હતા. ત્રીજે દિવસે સવારના નલિયા ગામના બજાર ચોકથી શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. સજીધજીને બાજુના ગામોમાંથી પધારેલા જ્ઞાતિજનો નલિયાના વિવિધ કોમના ગામવાસીઓ અને સંમેલનમાં પધારેલા જ્ઞાતિજનો સાથે ઢોલવાજાં, ઘોડા, નાચતા ઘોડા, સુંદર શણગારેલી બગીઓ સાથે રવાના થયેલ શોભાયાત્રા સંમેલન મંડપે ૧૧ વાગ્યે પહોંચી હતી. મંચસ્થ સંમેલન પ્રમુખ મુલચંદ મોતાએ સૌને આવકાર્યા હતા. સેક્રેટરી જનરલે પ્રાસંગિક માહિતી આપી હતી. તે બાદ જે જ્ઞાતિજનોએ સમાજમાં/વ્યવસાયમાં કે પોતાના શોખની દુનિયામાં જ્ઞાતિને ગૌરવાન્વિત કરેલ છે એવા જ્ઞાતિજનોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

'કદઓ જ્ઞાતિરત્ન' ઈલકાબ ● શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર ● શ્રી હિતેશ માણેકજી મોતા ● શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના ● શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાને આપવામાં આવેલ છે.

'ક.દ.ઓ. જ્ઞાતિભૂષણ' ઈલકાબ : સર્વશ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસિયા, પદમશી લધુભાઈ સોની, જયંત ભવાનજી સોની, તિલકચંદ કે. વિકમશી, રમેશ નારાણજી દંડ, કમલેશ શિવજી વિકમશી, શ્રીમતી દમયંતીબેન સી. શાહ, નયન અશોક ભેદા, જયેશ ભાગચંદ જૈન, છત્રપતિ નરશી દંડ, તેજપાર ધારશી

નાગડા 'તેજ', પદમશી લખમશી લાલકા, ભુપેન્દ્ર મુરજી દંડ, કાંતાબાઈ મુરજી રાઘવજી લોડાયાને અપાયા હતા. જ્ઞાતિના આ અગ્રગણ્ય સમાજસેવકોને સૌએ કરતલ ધ્વનીથી વધાવ્યા હતા.

'ક.દ.ઓ. જ્ઞાતિ ગૌરવ' ઈલકાબ : સર્વશ્રી દિલીપ કુસુમકાંત નાગડા, રતિલાલ કેશવજી શિયાલ(રાયપુર), કુલીનકાંત પદમશી પીર, મુકેશ વીરચંદ મૈશેરી (એવરેસ્ટ પર સફળ આરોહણ), નટવરલાલ રાઘવજી નાગડા(વડોદરા), સંજય નવીન ધરમશી(પુના), કાંતિલાલ ગાંગજી વોરા, રમેશ મુલજી લોડાયા (ઈતિહાસકાર), જયંતભાઈ લધુભાઈ મોમાયા, કુ.પન્નાબેન નિતિન મોમાયા (આઈપીએસ), કિશોર શામજી કુરુવા, વસંત કરમશી વિકમશી, કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠિયા, ડૉ. ઈલાબેન વેરશી મૈશેરી, પ્રબોધ હિરાચંદ મુનવર, ઠાકરશી મેઘજી ગોસર, હરિશ નરશી ધરમશી(મુલુંડ), ભાવેશ વિરેન્દ્ર લોડાયા(વડોદરા), હેમાંગ મણિકાંત મોમાયા (હૈદરાબાદ), કુ.ખ્યાતિ વિજય વોરા (જામનગર) કુ.સાચી સમીર ધરમશી માનસિક દિવ્યાંગ, (સિલ્વાસા) (દિવ્યાંગ), અનિલ દામજી વિકમશી (ખામગામ), મેજર ડૉ.હાર્દિક ગીરીશ મૈશેરી, મેજર વિરલ સુભાષ મોમાયા, વિણાબેન નાગડા, રમીલાબેન હિંમતલાલ લોડાયા(કલવા), ઠાકરશી પી. પનપરીયા(વડોદરા), પ્રિયાંક જયંતિલાલ નાગડા(દિવ્યાંગ) અને કુ. કીર્તિ સુરેશ સોની - આઈએએસ(અમદાવાદ)ને આપવામાં આવેલ છે.

કુલ પચાસેક જણને જ્ઞાતિના બહુમાનો અપાયા ત્યારે આખો મંડપ તાળીઓથી ગાજતો રહ્યો. જ્ઞાતિએ ૨૮ વર્ષ બાદ સૌની સેવાઓને બિરદાવ્યા તેનો હર્ષ ઈલકાબ મેળવનાર એવમ્ હાજર સૌના મુખારવિંદ પર ઝળકી રહ્યો હતો.

ભોજન વિરામ બાદ ચતુર્થ સંમેલનનું ઓપન સેશન ચાલુ થયું હતું. સંમેલન પ્રમુખશ્રીએ સૌ જ્ઞાતિજનોને આવકાર્યા હતા અને જ્ઞાતિને સંમેલનમાં થયેલ કાર્યવાહી બાબત અવગત કરાયા હતા. સૌ જ્ઞાતિજનોએ સંમેલન સફળ રહ્યાંની અનુભૂતિ માણી હતી તે બાદ સમસ્ત મહાજન તરફથી યજમાન મહાજન નલિયા મહાજનનો સત્કાર કરાયો હતો. સમસ્ત મહાજન તરફથી ટ્રસ્ટીઓને યાદગીરી/ભેટ અપાઈ હતી અને સંમેલનના કાર્યમાં યોગદાન આપનાર સૌનું અભિવાદન કરાયું હતું.

નલીયા મહાજને મુખ્ય સહયોગી શેઠશ્રી હંસકુમાર બી. ખીમજીનું અભિવાદન કરેલ સાથેજ સમસ્ત મહાજનના ત્રણ મેનેજીંગ ટ્રસ્ટીઓ અને સેક્રેટરી જનરલનું અભિવાદન કર્યું હતું. તથા પોતાને આ આયોજનમાં સહાયરૂપ થનાર સૌ લાભાર્થીઓનું સન્માન કરેલ.

અંતિમ પળોએ સંમેલન પ્રમુખ, સેક્રેટરી જનરલ આ સુખદ પળોને માણતા ભાવુક થઈ ગયા હતા. સૌનો આભાર માનીને અને મિચ્છામિ દુક્કડમ્ સાથે બે કર જોડી સૌ પદાધિકારીઓએ જ્ઞાતિની રજા લીધી હતી અને સૌ વિખરાયા હતા. * * *

# વાર્ષિક જનરલ સભા - લાલા

આપણા ગામની વાર્ષિક સામાન્ય સભા (AGM) **રવિવાર તા. ૨૦ જાન્યુઆરી ૨૦૧૯ના અનંત સિધ્ધી હૉલ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૭૮. સમય બપોરે ૩ થી ૫ દરમ્યાન** રાખેલ છે. જેની ખાસ નોંધ લેશો અને મોટી સંખ્યામાં હાજર રહેવા નમ્ર વિનંતી. સામાન્ય સભા બાદ ચા તથા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## દાતાશ્રીઓની અનુમોદના

**મહાજનશ્રીની વિવિધ યોજનાના સહયોગી લાખેણા દાતાશ્રી**

**માતુશ્રી લક્ષ્મીબેન મુલજી ભીંચશી લાલકા પરિવાર** - રૂા. ૧,૦૧,૦૦૧/-

**ગોલ્ડન સહયોગી દાતાશ્રી**

**માતુશ્રી ધનબાઈ જેઠાભાઈ રાજપાર મૈશેરી પરિવાર**

હસ્તે **માતુશ્રી વિજયાબેન શાંતિલાલ મૈશેરી પરિવાર** (મુલુંડ-દુબઇ) - રૂા. ૨૫,૦૦૧/-

**શ્રી લાલા ચંદ્રપ્રભુ જૈન દેરાસરજી અને મહાજન ટ્રસ્ટ તથા ગામવાસીઓ તરફથી ભૂરી ભૂરી અનુમોદના.**

## ધ્વજા મહોત્સવ

આપણા લાલા ગામમાં બિરાજતા **શ્રી ચંદ્રપ્રભુ દાદાના જિનાલયની ધ્વજા** પ્રસંગે પધારશો. વસંત પંચમી **તા. ૯ ફેબ્રુઆરી ૨૦૧૯ શનિવાર** સૌ ગામવાસીઓ, નિયાણી બહેનો, રાણપર ગામના લાલાવાસીઓ તથા નિયાણી બહેનો સર્વેને પધારવા હાર્દિક આમંત્રણ છે.

લી. **શ્રી લાલા ચંદ્રપ્રભુ જૈન દેરાસરજી અને મહાજન ટ્રસ્ટ**






**રચયિતા: જયકાંત મોતા**

**ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨**


## ધર્મ સંદેશ - ૧૩૨

**આડી ચાવીઓ -**

[૧] શીતલનાથના પિતા (૪); [૪] સંભવનાથ નું જન્મ સ્થાન (૩); [૬] જીવન ની — ભવસાગર પાર કરે એવી સહુની કામના હોય છે (૨); [૮] જેમનું સામાયિક વખણાય (૬); [૧૦] દેવો કેટલા પ્રકારના હોય છે (૨); [૧૧] મંગલ દિવામાં આ પણ હોય (૩); [૧૫] સાધુઓનું પાંચ મહાવ્રતમાં નું એક (૫); [૧૭] મુનિસુવ્રત ની પ્રતિમા લગભગ —ની હોય (૨); [૨૦] જોધપુર પાસે આવેલ ચિંતામણી પાર્શ્વનાથ નું એક તીર્થ (૩); [૨૧] શીતલનાથના માતા (૪); [૨૪] પ્રભુ માટે દેવો દ્વારા રચવામાં આવતું (૬); [૨૬] હૈદ્રાબાદ પાસે આવેલ એક તીર્થ (૪); [૨૮] આદિનાથ ને — પુત્રો હતા (૧); [૨૯] મહારાષ્ટ્રનું એક તીર્થ (૫)

**ઊભી ચાવીઓ -**

[૧] એક દર્શન નું ઉપકરણ (૩); [૨] ધર્મનાથ નું જન્મ સ્થળ (૪); [૩] વર્ષમાં આયંબિલની ઓળી કેટલી વાર આવે (૧); [૪] ચતુર્વિધ સંઘ નું એક અંગ (૩); [૫] — ઔર જીનેદો યે હૈ ધર્મ કા સાર (૨); [૬] જીવનની — ને ભવસાગર તારજે (૨); [૭] દર્શન નું એક ઉપકરણ (૩); [૯] ચતુર્વિધ સંઘ નું એક અંગ (૨); [૧૦] પાટણ પાસે આવેલ પાર્શ્વનાથનું તીર્થ (૩);

(ઉકેલ અન્યત્ર)

[૧૨] આ શહેરમાં રથવાળું જિનાલય છે (૨); [૧૩] — સ્વભાવ વિઘ્ન ઉભો કરાવે (૨); [૧૪] અજીતનાથ નું તીર્થ (૩); [૧૫] જેમના ૧૬ ગણધર હતા (૫); [૧૬] — ગીરી, આદેશ્વર નું તીર્થ (૨); [૧૮] સાધુઓનું એક પદ (૪); [૧૯] શત્રુંજય ઉપર આવેલ પાપ-પુન્યની બારી (૩); [૨૨] ૨૦મા તીર્થંકર નું જન્મ સ્થળ (૪); [૨૩] તપ કરતાં — રાખો (૩); [૨૫] જીવવાળા દ્રવ્યો અને પદાર્થો (૩); [૨૭] પ્રયુર્ષણ માં અઠ્ઠાઈ કરનાર ને અપાય (૨)



## કચ્છી કસબ - ૧૩૨

**આડી ચાવીઓ -**

[૧] કટોકટી સમય (at emergency) (૬); [૩] પાછળનું (back side) (૩); [૪] કૂવો (well) (૨); [૬] સ્ત્રીનું થાકી જવું (tiredness of lady) (૩); [૮] આમંત્રણ (invitation) (૨); [૧૦] વાછટ (drizzle) (૩); [૧૧] નથી (do not have) (૨); [૧૨] કામ રખડાવવું (delaying of work) (૪); [૧૫] ઘસવું (to rub) (૨); [૧૬] હિંચકો (swing) (૨); [૧૭] જાય (shall go) (૨); [૨૧] ઝુરવું (to long for) (૨); [૨૨] સન્નાટો (lonelyness) (૪); [૨૩] આખડીયો (chappati roller board) (૩); [૨૪] કુતરા (dogs) (૨); [૨૫] મલમ (balm) (૨); [૨૬] બોગો માણસ (stupid man) (૩); [૨૯] વાંચવું (to read) (૨); [૩૦] વિશ્વાસ મૂકવો (to trust) (૨); [૩૨] કહેવત (proverb) (૩); [૩૩] ગરમ (hot) (૨); [૩૬] સાત (seven) (૨); [૩૮] લગ્ન પહેલાની રસમ (rituals before marriage) (૩)

**ઊભી ચાવીઓ -**

[૧] ચોવિયાર (eat before sun-set) (૪); [૨] રૂબરૂ કરાવવું (face to face) (૨); [૩] પછી (afterwards) (૨); [૫] પોતાની મેળે (by himself) (૩); [૭] ઈંડા (eggs) (૨); [૯] કડતર (bodyache) (૨); [૧૦] ચલણ (trend) (૩); [૧૩] કુદકો મારવો (to jump) (૨);

(ઉકેલ અન્યત્ર)

[૧૪] પટારો (trunk) (૩); [૧૭] જા (go) (૨); [૧૮] કામવગરનો (useless) (૩); [૧૯] ધોવું (to clean) (૧); [૨૦] નામ (name) (૨); [૨૧] સચેત (alert) (૩); [૨૨] જાગૃતિ (consciousness) (૨); [૨૩] હોઠ (lip) (૨); [૨૪] કુતરો (dog) (૨); [૨૫] ભાત સાથે ખવાય (eat with rice) (૩); [૨૭] ઢીંચણ (knee) (૨); [૨૮] કાળજી (care) (૩); [૩૧] અનાજ વીણવું (to clean grains) (૩); [૩૨] હલવું (to move) (૨); [૩૪] અનાજ ઝાટકવાનું સાધન (grains cleaning vessel) (૨); [૩૫] નખ (nail) (૧); [૩૭] ભાઈ (brother) (૧)

## ૧૦૮ પાર્શ્વનાથ એકાસણા

પોષ દસમથી પોષ દસમ-બાર મહિનામાં ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનના એકાસણા - આયંબીલ સાથે આરાધનાનું જ્ઞાતિ સ્તરે આયોજન કરવામાં આવેલ જેને સુંદર પ્રતિસાદ મળ્યો અને સાધિક બસો શ્રાવક-શ્રાવિકાઓએ એમાં ભાગ લીધેલ. છેલ્લા એકાસણાનું તથા આરાધક બહુમાનનો કાર્યક્રમ દેવલાલી-અનંત આરોગ્ય નિધીમાં આયોજીત કરવામાં આવેલ. માગસર વદિ ૧૧ તા. ૧ લી જાન્યુઆરીના સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. એકાસણાનો અને ૧૦૮ પાર્શ્વનાથ આરાધનાનો લાભ આપેલ. દાતા પરિવાર તરફથી એમનું બહુમાન કરવામાં આવેલ.

### લાભાર્થી પરિવાર

**મુખ્ય લાભાર્થી**

**મા. કાન્તાબેન મુરજી રાઘવજી લોડાયા** (સાંધવ - દાદર)

**સહાયક લાભાર્થી**

**ચિ. નિશ્ચય - સૌ. મનિષાબેન હરીષ રામજી ખોના** ((નલીયાતીર્થ- ઘાટકોપર)

**માતુશ્રી મધુબેન લહેરચંદ ડાઘા** (વરાડીયા - ભાંડુપ)

**દેરાણી - જેઠાણી પરિવાર** (મુંબઇ)

**એક સદ્‌ગૃહસ્થ**

**માતુશ્રી દમયંતી દિનેશ લાલકા** (નલીયાતીર્થ-મુલુંડ)

**મહિલા મંચ** (જલગામ)

## દેવલાલી નગરે અઠ્ઠમ તપ આરાધના

દેવલાલી નગરે... અનંત આરોગ્ય નિધી આંગણીએ... શ્રી વિમલ-ગુણોદય-મુક્તિ-જય આશિષે **શ્રી નવલ-સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલય**માં પ્રભુ પ્રતિષ્ઠાના પડઘમ વાગી રહ્યા છે ત્યારે એ ક્ષેત્રમાં તપોબળની વૃદ્ધિ કરવા પ્રભુ પાર્શ્વનાથ ભગવાનના જન્મ અને દીક્ષા કલ્યાણકે ત્રયાન્હિકા મહોત્સવ સાથે અઠ્ઠમ તપની ભવ્ય આરાધના કરાવવામાં આવી. ગામોગામથી પધારેલા તપસ્વીઓએ પ્રભુ ભક્તિ સહ તપ-જપની સુંદર આરાધના કરી. પ્રતિક્રમણ, સામાયિક, દેવવંદન, પૂજન, સ્નાત્ર વિશેષ અનુષ્ઠાન સાથે જાપ - સંધ્યા ભક્તિમાં ઉત્સાહભેર લાભ લીધો.

દાતા પરિવારોએ ઉછળતા ભાવે અત્તરવારણા-પારણા-તપસ્વી બહુમાન એવં ભક્તિ અનુષ્ઠાનોનો લાભ લીધો. દેવલાલી નગરે રહેવાની તથા આવવા-જવાની વ્યવસ્થા પણ ઉદારદિલ દાતા પરિવારો તરફથી કરવામાં આવી હતી.

**અઠ્ઠમ તપના લાભાર્થી પરિવાર**

**રત્ન સ્તંભ**

**પાર્શ્વ ભક્ત પરિવાર**

**અ.સૌ. સોનલબેન રાયચંદ ધરમશી** (સુથરી-વરલી)

**સૂવર્ણ સ્તંભ**

**માતુશ્રી મધુરીબાઇ ભવાનજી લોડાયા**

(કોઠારા-ચાલીસગામ-વિદ્યાવિહાર)

**ચિ. નિશ્ચય - અ.સૌ. મનિષા હરીષ રામજી ખોના**

(નલીયાતીર્થ-ઘાટકોપર)

**પ્રજેશ વિરચંદ પટેલ** (નલીયા-હુબલી)

**રજત સ્તંભ**

**સૌ. પ્રમિલા દામજી દંડ** (મંજલ રેલડીયા-અંધેરી)

**સૌ. રેખા સુનિલ ખોના** (સુજાપુર-બેંગલોર)

**ઉમેશ ખેતસી મોતા** (નલીયા-ઘાટકોપર)

**નિલાંજ તિલક શાહ** (તેરા-ચેંબુર)





# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

**શ્રી જખૌ પાંજરાપોળની સર્વ સહયોગી, શુભેચ્છકોને નુતનવર્ષ ૨૦૧૯ની શુભેચ્છા.**

## જીવદયા સહાય માટે વિજ્ઞપ્તિ

સમયના વિતવા સાથે દુષ્કાળની અસર વર્તાય છે. એમપી, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત થી આવતા ચારાના ભાવ વધતા જાય છે. પાણીના સ્રોત ખૂબજ મર્યાદિત છે. પાઇપ દ્વારા પાણી મળે છે. વધઘટમાં ટેન્કર દ્વારા મંગાવવુ પડે છે જે ખૂબ મોંઘુ પડે છે. ઉનાળામાં ખૂબ તકલીફ પડશે. સરકાર તરફથી મર્યાદિત રાહત સહાય મળે છે. જરૂરિયાત ઘણી વિશાળ અને ભગીરથ છે.

જખૌ પાંજરાપોળમાં હાલ ૨૩૦ ઢોર છે. તેમના નિભાવનો માસિક ખર્ચ રૂા. ૩.૫ (સાડા ત્રણ) લાખ થાય છે, જે હજી વધવાની શક્યતા છે. પાંજરાપોળોનો નિભાવ વ્યક્તિગત દાતા, સંસ્થાઓ, ટ્રસ્ટો, મંદિરોના જીવદયાના ઉદાર દાન થકી થાય છે.

**હાલમાં જખૌ પાંજરાપોળને નીચે મુજબ દાન મળેલ છે.**

૧) રૂા. ૧,૧૧,૧૧૧/- માતુશ્રી સોનબાઇ વિશનજી ખીમજી મૈશેરી પરિવાર, જખૌવાલા, સ્વ. પુત્રી જયાબેન રતીલાલ દેઢિયા, કચ્છ બીદડાની તા. ૨૩-૧૨-૨૦૧૮ના તૃતિય પુણ્યતિથિ નિમિત્તે. ૨) રૂા. ૫૫,૪૯૬/- જૈન ટેમ્પલ ઓફ ન્યુયાર્ક. ૩) રૂા. ૫૧,૦૦૦/- શેઠ અશ્વિનભાઇ પ્રાણલાલભાઇ પંચમીયા, શીવ-મુંબઇ. ૪) રૂા. ૧૧,૦૦૦/- શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિ પૂજક સંઘ, ગાંધીધામ. ૫) રૂા. ૫,૦૦૦/- શ્રી પ્રેમચંદ માલસી મોતા પરિવાર, કુવાપધર-કલકત્તા. ૬) રૂા. ૫,૦૦૦/- સદ્‌ગૃહસ્થ, મહેશ્વરી. ૭) રૂા. ૫,૦૦૦/- સદ્‌ગૃહસ્થ, હૈદરાબાદ. ૮) રૂા. ૫,૦૦૦/- સદ્‌ગૃહસ્થ, દેના બેંક, નલીયામાં NEFT. ૯) રૂા. ૪,૦૦૦/- શ્રી મામલ મા ની પહેડી, દેઢીયા, હરીયા, ગડા પરિવાર, કચ્છ. ૧૦) રૂા. ૩,૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઘાટકોપર, મુંબઇ. ૧૧) રૂા. ૨,૫૦૧/- માતુશ્રી જવેરીબાઇ શામજી ખીઅશી દંડ, સુથરી. ૧૨) રૂા. ૨,૦૦૦/- શ્રી જલગામ નૂતન ભાવના મંડળ. ૧૩) રૂા. ૨,૦૦૦/- શ્રી અજીત પ્રવિણ ખોના, જખૌ-અંધેરી. ૧૪) રૂા. ૧,૧૦૦/- શ્રી રમેશચંદ જયચંદ નાગડા, નલિયા, કોપ્પલ. ૧૫) રૂા. ૧,૧૦૦/- શ્રી મનોજ લક્ષ્મીચંદ લોડાયા, શ્રી મુલજી જીવરાજ લોડાયા, જખૌ. ૧૬) રૂા. ૧,૧૦૦/- શ્રીમતી જયાબાઇ મુલજી લોડાયા, તિલક મનોજ લોડાયા, જખૌ. ૧૭) રૂા. ૧,૦૦૧/- શ્રી પદમશી કલ્યાણજી શીયાડ, જખૌ-માલેગાંવ.

**ચારો ભેટ :** ૧) ડાન્ગર પડાર કીલો ૫,૪૦૦ (રૂા. ૨૫,૦૦૦/-) શ્રી રાઘવજી લાલજી, જલગામ દ્વારા. ૨) મકાઇ કીલો ૮,૦૦૦ (રૂા. ૨૬,૦૦૦/-) કરસન રવજી પટેલ, સુખપર, ભૂજ. સ્વ. પિતા રવજી દેવરાજ, માતુશ્રી અમરબાઇ રવજી, તથા ધર્મ પત્ની પ્રેમાબાઇની સ્મૃતિમાં. ૩) મકાઇ મણ ૫૦ કિલો ૨,૦૦૦ ગોળ કીલો ૨૦ (રૂા. ૭,૫૦૦/-) શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ સમસ્ત મહાજન તરફથી જ્ઞાતિ સંમેલન પ્રસંગે.

**સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર સાથે અનુમોદના.**

## વાર્ષિક સહાય યોજના ૨૦૧૯

૧ મહીનાના રૂા. ૧,૦૦૦/- લેખેના દાનની આ યોજના અંતર્ગત ઓક્ટોબર ૨૦૧૭ / જાન્યુઆરી ૨૦૧૮ થી ડીસેમ્બર ૨૦૧૮ દરમ્યાનમાં ૧૫/૧૨ માસના રૂા. ૧૫,૦૦૦/-, રૂા. ૧૨,૦૦૦/- ના દાન માટે ૮૦ જેટલા દાતાઓનો ખૂબ સુંદર પ્રતિસાદ મળ્યો.

વર્ષ ૨૦૧૯ માટે પણ ૧૨ માસના રૂા. ૧૨,૦૦૦/- ના દાનની ''વાર્ષિક સહાય યોજના'' જાહેર કરીએ છીએ.

**નીચેના દાતાઓ એ વર્ષ ૨૦૧૯ માટે સહાય જાહેર કરેલ છે.**

૧) શ્રી વસંત કરસમી વીકમસી, દાદર, ૨) કુ. અનીષા મહાજન, થાણા, ૩) શ્રીમતી નીલમ વિજય દંડ, મંજલ-મુલુંડ, ૪) શ્રી પ્રવીણ દેવજી ખોના, અંધેરી, ૫) શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ, રાયપુર, ૬) શ્રી મહેન્દ્ર દેવજી ખોના, થાણા, ૭) કુ. શ્રેયા હીરલ હીતેશ શાહ, સુથરી, થાણા, ૮) શ્રી ભરત મુલજી મૈશેરી, મુલુંડ, ૯) શ્રી કીશોર ખીમજી ખોના (કાયાણી), મુલુંડ, ૧૦) માતુશ્રી નવલબેન જયચંદ લોડાયા, વડોદરા, ૧૧) સ્વ. શ્રીમતી ઉર્મિલાબેન પંકજ મોમાયા, વડોદરા. દાન એક સાથે/હપ્તા થી દાતાની અનુકૂળતા મૂજબ સ્વીકાર્ય છે.

શ્રી જખૌ પાંજરાપોળના જીવદયાના ભગીરથ કાર્યમાં સહભાગી થઇ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરનાર સર્વ દાતાઓનું અનુમોદન સહ આભાર. જ્ઞાતિ બંધુઓ તથા સંસ્થાઓ દ્વારા ઉદાર સહયોગ આપવા માટે આગ્રહ પૂર્વક વિજ્ઞપ્તિ.

**વિશેષ સુચના :** પાંજરાપોળ બેંક એકાઉન્ટમાં ડાયરેક્ટ ચેક - RTGS/NEFT કે અન્ય રીતે રકમ ભેટ મોકલનાર દાતાઓએ પોતાના નામ સરનામાની વિગત જણાવવા વિનંતી જેથી રસીદ મોકલવા સુગમતા રહે.

**દાન ઇન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.** **સર્વે દાતાઓની અનુમોદનાસહ ખૂબ ખૂબ આભાર**

**Banking Details :** **Name : Sri Jakhau Panjrapol Trust**

**Dena Bank,** Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ - થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઇ - ૪૦૦ ૦૦૯
ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯ • ઈમેલ : anantnathtrust@gmail.com

## કુમઠા તથા વાલગીરી દેરાસરજી - અઢાર અભિષેક તથા ધ્વજા મહોત્સવ પ્રસંગે તા. ૦૭ તથા ૦૮ માર્ચ ૨૦૧૯ના પધારવા હાર્દિક આમંત્રણ.

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટ** સંચાલિત, પ્રાચીન, શ્રી શાંતિનાથજી દેરાસરજી, વાલગીરી તથા શ્રી પાર્શ્વનાથજી દેરાસરજી, કુમઠા મધ્યે **અઢાર અભિષેક તથા ધ્વજા મહોત્સવ**નો પ્રસંગ ફાગણ સુદ બીજ તથા ત્રીજ, **ગુરૂવાર તા. ૦૭-૦૩-૨૦૧૯** તથા **શુક્રવાર તા. ૦૮-૦૩-૨૦૧૯**ના રોજ **પ.પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.**ની નિશ્રામાં ધામધૂમથી ઉજવીએ.

સૌ જ્ઞાતિજનોને વહેલી તકે ટિકિટો કઢાવી લેવા આગ્રહભરી વિનંતી છે. દર વર્ષે હુબલી, ગદગ, સીરસી, ગોવા વગેરે ગામોથી ૧૦૦-૧૨૫ જ્ઞાતિજનો ટ્રસ્ટના આમંત્રણને માન આપીને ઉમળકાભેર આવે છે. ત્યાં રહેવા, જમવાની વ્યવસ્થા ખૂબ સુચારૂ રૂપે થાય છે.

**-: વ્યવસ્થા માટે સંપર્ક :-**

**શ્રી કાંતિલાલભાઈ (કુમઠા) - 092421 75461**
**શ્રી હીરાચંદભાઈ (વાલગીરી) - 081056 05020**

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર**

**નોંધ :** જે કોઇ જ્ઞાતિજન ઉપરોક્ત પ્રસંગે પધારવાના હોય, તેમણે પોતાના નામ, ઉંમર, મોબાઇલ નંબર, કચ્છ/હાલારનું ગામ તથા હાલ રહેઠાણની વિગત તા. ૦૪-૦૨-૨૦૧૯ સુધી કુમઠા જણાવવી, જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

---

શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ     ।। શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ।।

# શ્રીપૂજ શ્રી જિનેન્દ્રસૂરિ સ્મારક ટ્રસ્ટ

**(પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર E-9687)**

યતિશ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી મહારાજ  ૩૪, ખડક સ્ટ્રીટ, ૧લે માળે, રૂમ-૬૦, મુંબઈ-૪૦૦ ૦૦૯.
શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ - ૩૭૦ ૪૦૫. ફોન નં. ૦૯૯૬૯૧ ૮૪૩૭૭ / ૯૩૭૩૪ ૫૧૪૧૪

## ભાવભર્યું આમંત્રણ

અચલગચ્છના દેવીશ્રી મહાકાલી માતાજીની ૨૪માં વરસની મહાપૂજા પહેડી ૨૦૭૫ મહાસુદ ૫, રવિવાર તા. ૧૦-૨-૨૦૧૯ શ્રી ભાંડુપ મેવાડ કેશરી ભવન સ્થાને ૮ થી ૨ રાખેલ છે.

**કાર્યક્રમ :** • સવારના ૮ થી ૧૧ શ્રી મહાકાલી દેવી મહાપૂજન ૨૪ વરસના દાતાઓથી • ૧૧ થી ૧૨ પૂજ્ય યતિશ્રીના ૭૫મા જન્મદિન અમૃત વર્ષની ગુરૂવંદના • ૧૨ થી ૧૨.૨૦ પહેડી-આરતી દાતાઓથી • ૧૧ થી ૨ દર્શન-વંદન પ્રસાદ સાધર્મિક ભક્તિ • ૧૦ થી ૧ ભક્તિ સંગીત

**૨૪ વરસના દાતા પરિવારો**

**માતુશ્રી લખમીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર,** સુથરી-મુલુંડ
**માતુશ્રી મધુરીબાઈ પ્રતાપ ધરમશી** હ. **સંકેત ધરમશી,** સુથરી-મુલુંડ
**માતુશ્રી ઝવેરીબાઈ શામજી દંડ,** સુથરી-મુલુંડ
**માતુશ્રી ચંપાબાઈ હંસરાજ ડાઘા** હ. **હીરાલાલ ડાઘા,** વરાડીયા-માટુંગા
**અ.સૌ. મધુબેન લહેરચંદ ડાઘા,** વરાડીયા-ભાંડુપ
**એક સદ્ગૃહસ્થ** હ. **અમીત મોમાયા**

આ પ્રસંગે અચલગચ્છના પૂજ્ય સંતો પૂજ્ય સાધ્વીજી મ.સા. પધારી માંગલીક આશીર્વાદ આપશે વિશેષ પૂજ્ય નરેશચંદ્રજી મ.સા. અને ઓજસ મુનિ મ.સા. ખાસ ગુરૂતત્વની વિશેષ જણાવશે. સૌ સંતોને ગુરૂવંદના ભક્તિ સંગીત શ્રી વિકાસકુમાર એન્ડ પાર્ટી, હંસકુમાર મૈશેરી, અ.સૌ. ચેતના હરિયા અને ઉત્તમ છેડા કાર્યક્રમને વિશેષ ઓપ આપશે.

આપ સૌ ભાવિકો ગુરૂભક્તો મા ના દર્શન વંદન સૌ સંતોના આશીર્વાદ મા ગુરૂઉત્સવ ના યાદગાર પ્રસંગે પધારવા આત્મીય ભાવનું આમંત્રણ રૂબરૂ જાણી પધારશોજી. શ્રી ભાવેશ લોડાયા, શ્રી નવીન મારૂ, શ્રી હર્ષવર્ધન અને શ્રી હેમેન્દ્ર લોડાયા.

**ટ્રસ્ટ મંદિર ૨૪ વરસના દાતા પરિવારો સાથે**
**શ્રી મુકેશ મૈશેરી, શ્રી હંસકુમાર મૈશેરી**

**નોંધ :** રાત્રે ૮ કલાકે અનંતનાથ દેરાસરજીમાં ભક્તિ ભાવના મનરાજા ભણાવશે સૌ પધારશો.   **જય જય મહાકાલી મા**

## સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી નરદે રણશી ધરમશી (સેવક ભરૂડીયા, પાલીતાણા, કોઠારા) પરિવાર

આપણા કુળદેવી શ્રી સખત માતાજીની ૭મી સમૂહ પહેડી ૧૭-૦૨-૨૦૧૯ના સવારના ૮.૦૦ થી સાંજે ૮.૦૦ વાગ્યા સુધી રોટરી કલબ હૉલ, સુવિધીનાથ દેરાસરની બાજુમાં, માનપાડા રોડ, ડોંબિવલી (ઇસ્ટ), મુકામે યોજેલ છે.

આ પ્રસંગે પરિવારના સર્વેને તથા નિયાણી બહેનો-દીકરીઓને સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે. સંપર્ક : વિનીત ધનજી ધરમશી - ૯૮૧૯૩૨૯૮૮૯, કિર્તી ખીમજી ધરમશી - ૯૮૧૯૬૬૭૫૬૦

### દેવલાલી નગરે શ્રી ગૌતમસ્વામી એવં મહાકાલી માતાજીનો નગર પ્રવેશ

દેવલાલી નગરે શ્રી અનંત આરોગ્યનિધી સંકુલ મધ્યે શ્રી વિમલ-ગુણોદય-મુક્તિ-જય આશિષે શ્રી નવલ-સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલયના પ્રતિષ્ઠા પ્રસંગ નિમિત્તે શ્રી ગૌતમસ્વામી-મહાકાલી માતાજી સહ નવગ્રહોનો વાજતે-ગાજતે આગમ વિશારદ પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરિ મ.સા.ની પાવન નિશ્રામાં પ્રવેશ કરાવવામાં આવ્યો. નવલબાઇ એવં સદ્‌ગુણાબેન પરિવારના સભ્યોએ દેવલાલી-નાસિક વાસીઓ તથા અઠ્ઠમ તપના તપસ્વીઓએ સાથે લાભ લીધો.

આનંદ-મંગલમય વાતાવરણમાં ભાવોલ્લાસથી ગૌતમસ્વામી એવં મહાકાળી માતાજીની ભક્તિ તથા ગુરૂ ગૌતમસ્વામીની વાસક્ષેપ પૂજા કરીને એમને જિનાલયમાં પધરાવવામાં આવ્યા.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

**સોનલ આર્ટ**

**Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈનને ''ક.દ.ઓ. જૈન જ્ઞાતિ ભૂષણ'' એવોર્ડ અર્પણ કરાયો

નલીયા-કચ્છ મધ્યે યોજાયેલ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના ચતુર્થ સંમેલન પ્રસંગે શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનશ્રી દ્વારા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇના અધ્યક્ષ શ્રી જયેશભાઇ ભાગચંદ જૈનને તેમની સતત ૨૮ વર્ષથી ચાલતી ધાર્મિક, શિક્ષણ, સામાજિક, આરોગ્ય ક્ષેત્રની શ્રેષ્ઠ કામગીરી બદલ ''કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ ભૂષણ'' એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ. સંમેલન પ્રમુખ મુલચંદ ભાઇ મોતા, સમસ્ત મહાજન સેક્રેટરી જનરલ નિશીથભાઇ દંડ, સંમેલનના મુખ્ય સહયોગી દાતાશ્રી હંસકુમાર બી. ખીમજી, મેનેજીંગ ટ્રસ્ટીઓ શ્રી તિલોકચંદ દંડ, પ્રવિણ લોડાયા, કિર્તીભાઇ ધરમશી તથા સર્વે ટ્રસ્ટીગણનાં વરદ્ હસ્તે તથા સમાજવાસીઓની વિશાળ ઉપસ્થિતીમાં શ્રી જયેશભાઇ જૈનની અનેકવિધ સેવાઓને બિરદાવી ''ક.દ.ઓ. જ્ઞાતિ ભૂષણ'' એવોર્ડ અર્પણ કરાયો હતો. તેમની પ્રવૃત્તિઓમાં સાથે રહેનારા ધર્મપત્ની હિનાબેન જૈનને બિરદાવવામાં આવેલ.

### ક.દ.ઓ. જૈન જ્ઞાતિના મહાજનો જોગ

હાલમાં યોજાયેલ જ્ઞાતિના ચતુર્થ સંમેલનમાં થયેલ નિર્ણયો અનુસાર કાર્યવાહીઓ સરળ કરવા માટે, સૌ મહાજનો, મહાજનના પદાધિકારીઓ મહાજનના મહાસમિતિના સભ્યો, સમસ્ત મહાજનની વિવિધ સમિતિઓના તે મહાજનના સભ્યોના નામ, સરનામાં, હોદો, મોબાઇલ નંબર, વોટ્સઅપ નંબર, ઇમેઇલ આઇડીની માહિતી સમસ્ત મહાજનની ઓફીસે પત્રથી વોટ્સઅપથી કે ઇ-મેલથી તુરંત મોકલવા વિનંતી છે. આપના મહાજનની વિગતો ૧૫ દિવસમાં મળી જાય તેની તકેદારી લેશોજી. સમસ્ત મહાજનની ઇ-મેલ આયડી.


**REQIREMENT at TALOJA**

Required one Mechanical Engineer for Taloja Industrial Unit, residing at Dombivli / Navi Mumbai / Mumbai Central Suburbs.

Reply to : **MITC Rolling Mills Pvt. Ltd.**
Dr. Sandu Marg, Garodia Market Bldg., Gr. Floor,
Near Shamrao Vithal Bank, Chembur - 400 071.
**E-mail id : talojaind@gmail.com**

mahajansamast@gmail.com જરૂર પડે તો મો.નં./વોટ્સએપ 97699 91922 પર મનીષ લોડાયાનો સંપર્ક કરશોજી.

**સોનગઢ રત્નાશ્રમ**

શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ સંસ્થાના સ્થાપક પૂ. મુનિરાજ કલ્યાણચંદ્રજી મ.સા.ની ૧૩૫મી જન્મ જયંતીની ખૂબજ ઉલ્લાસપૂર્વક ઉજવણી થઇ. ડિસેમ્બર ૨૪-૨૫ ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનોનું ભાવપૂર્વક રત્નાશ્રમમાં આગમન થયું. ૨૫/૧૨ સવારના બાળકો દ્વારા મલખમ અને સ્કેટિંગનું સરસ ફરફોમન્સ બતાવવામાં આવ્યું. નવકારશી પછી પૂ. મુનિરાજ કલ્યાણચંદ્રજી મ.સા.ની સમાધીએ બેન્ડની સંગાથે પુષ્પાંજલિ આપવામાં આવેલ.

**દંડ પરિવાર - રેલડીયા મંજલ**

રેલડીયા મંજલ દંડ પરિવાર દ્વારા સચ્ચાઇ માતાજીના શાસ્ત્રી પાઠ ૨૭-૪-૧૮ થી ૨૯-૪-૧૮ સુધી રેલડીયા મંજલ-કચ્છ ખાતે આયોજીત કરેલ છે. રહેવા તથા જમવાની વ્યવસ્થા સ્થાનિકે રાખેલ છે. પરિવારજનોને પધારવા નિમંત્રણ છે. આપના નામ નારાણજી લખમશી દંડ (બચુભા) - 9727535475 અથવા અનીલ ચત્રભુજ દંડ - 7977001300 ઉપર નોંધાવી દેવા.

**શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ ખંડવા નગરે ત્રિન્હિયકા મહોત્સવ**

પૂ. સા. પુણ્યોદયાશ્રીજી મ.સા.ની શિષ્યા પૂ. સાધ્વી સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની નિશ્રામાં આ વર્ષે પોષ દશમની આરાધના કરવાનો લાભ મળ્યો છે. તે ઉજવવા માટે ક.દ.ઓ. સંઘે ત્રણ દિવસનો મહોત્સવ મનાવ્યો. ૩૦-૧૨ પંચકલ્યાણક પૂજા, ૩૧-૧૨ નવકાર મંત્ર આરાધના નવકાર મંત્ર આરાધક જિગ્નેશભાઇ શાહ, મુંબઇ દ્વારા કરાવવામાં આવ્યો. ૧-૧-૨૦૧૯ના અઢાર અભિષેક કાર્યક્રમ કરવામાં આવ્યો.

નવકાર આરાધક જિગ્નેશભાઇ શાહના કાર્યક્રમ નવકાર આરાધક શ્રી જયંત રાહીના એવા કાર્યની જાણકારી લોકોને મળી ત્યારે ખંડવા સકલ સંઘે સાધર્મિક ભક્તિમા સહયોગ બતાવ્યો. તેમા ખંડવા જેવા નાના સંઘના લોકોએ ૭૨,૦૦૦/-નું યોગદાન આપ્યું.

**જાહેરાતો-સમાચારો મોકલવા માટે સંપર્ક**

મુકેશ લોડાયા - **022-2508 4463 / 64 / 65**
મોબાઇલ **98211 54326** (સવારે ૧૧ થી સાંજે ૭)
ઉદયન લોડાયા - **98210 04296 / 87796 47886 / 022-2264 2495** (સાંજે ૫ થી ૭)

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૯૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, તા. ૨૬-૦૧-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઈડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર તા. ૨૬-૦૧-૨૦૧૯ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૭-૦૧-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**ભુલ સુધાર :** ગતાંક અંક નં. ૧૦ના પાના નં. ૧૨ પર છપાયેલી જાહેરાત પ્રથમ પુણ્યતિથીએ સૌ. સ્મિતાબેન રાજેન્દ્ર મોમાયા પરિવારને બદલે **સૌ. સીમાબેન રાજેન્દ્ર મોમાયા પરિવાર-ધુલિયા** એમ વાચંશો.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ **Sunday Closed**
**Originally at Zaveri Bazar since 1976**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**દીપક નારાણજી સોની** (PS 6744)
એલ-૧૦૧, ફોર સીઝન પેરોલા, સનસાઈન વર્લ્ડવાઈડ સ્કુલની પાસે, કદમ્બ પ્લેટૂ, બેન્ચ્યુનિમ, ગોવા-૪૦૩ ૧૧૦. મો.: 09637323436

**અમિત પૃથ્વીરાજ છેડા** (PS 5062)
ફ્લેટ નં. ૧૨, ત્રીજે માળે, આવકાર ફ્લેટ્સ, ધર્મયુગ સોસાયટની સામે, નવકાર પબ્લીક સ્કુલ પાસે, ગુલબાઈ ટેકડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો.: 09537320679 / 08758712673

**ધનેશ જયચંદ લોડાયા** (PS 964)
૩૦૨, નીલકંઠ રોયલ, જોશી લેન, ઓફ એમ. જી. રોડ, બ્રાહ્મણ સમાજ હોલની સામે, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. ફોન : 022-21024315 મો.: 09821314749

**કીર્તી જેઠાભાઈ શાહ (ધરમશી)** (PS 6122)
બ્લોક ૧૦૧, કારનેશન, રોયલ અમર ગ્રીન્સ, નવી લોહા મંડી પાસે, સ્કીમ નં. ૭૮, ભાગ ૨, ઈન્દોર - ૪૫૨ ૦૧૦. મો.: 09827070327

**રૂપચંદ ભવાનજી નાગડા** (PS 6191)
૬/૪, સ્નેહલતા કુંજ, ૩૦૪, વિશાલ વાઈબ્રન્સ, પંચમુખી ગણેશ મંદિર પાસે, ઈન્દોર - ૪૫૨ ૦૦૭. મો.: 09406524549 / 09009362818

# ડૉ. સમીર હંસા / હિરાચંદ ઉમરશી નાગડા

## (જખૌ) (ઉંમર - ૪૬)




**ડૉ. સમીર હંસા / હિરાચંદ ઉમરશી નાગડા** MD (Age 46) (જખૌ) સ્પોર્ટ્સ મેડીસિન, વોશિંગ્ટન USA માં ઓર્થોપેડિક સર્જન છે અને સ્પોર્ટ્સના ક્ષેત્રમાં સેવા આપે છે. ૨૦૧૮ના ટૉપ ડૉક્ટર તરીકે તેમના ફોટા તથા લખાણ વોશિંગ્ટનના ખ્યાતનામ સામાયિકમાં છપાયેલ છે. સાથેના ફોટોગ્રાફ અને તેના લખાણથી જ તેમની યશોગાથા વિદિત થાય છે. આ ટૉપ ડૉક્ટર તરીકે ગુણાંક તેમને લાગલગાટ બીજે વર્ષે પણ ફરી મળેલ છે. ભવિષ્યમાં પણ આવી સિધ્ધિઓ મળતી રહે તેવી પ્રકાશ સમીક્ષાની શુભેચ્છા.

(ફોટા સાથે વોશિંગ્ટન સામાયિકનું લખાણ)

**DR. SAMEER NAGDA M.D.**

- Sports Medicine, Shoulder, Elbow & Knee Surgery
- Anderson Orthopedic Clinic
- **Team Physician :** US Women's National Soccer Team
- **Team Physician :** Potomac Nationals Baseball Team
- Assistant Clinical Professor of Orthopedic Surgery Georgetown University School of Medicine

## કચ્છી કસબ - ૧૩૨ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) અળઇમોંજઇ (૩) પોઠલો (૪) વાય (૬) થકઇ (૮) નોત્રો (૧૦) વાછંઢ (૧૧) નાંય (૧૨) ટટળાય (૧૫) રોળ (૧૬) જૂલો (૧૭) વેને (૨૧) સોસ (૨૨) સોનકાર (૨૩) ચકલો (૨૪) કોતા (૨૫) લેપ (૨૬) ગગુતો (૨૯) વાંચ (૩૦) વેસો (૩૨) ચોવક (૩૩) કોસો (૩૬) સત (૩૮) પડરો

ઊભી ચાવીઓ -
(૧) અણાથઇ (૨) મોં મોં (૩) પોય (૫) પેંઢઇ (૭) ઇનાં (૯) ત્રોટ (૧૦) વાયરો (૧૩) ટપે (૧૪) મજૂસ (૧૭) વેન (૧૮) નેકામો (૧૯) ધૂ (૨૦) નાલો (૨૧) સોજાગ (૨૨) સોતા (૨૩) ચપ (૨૪) કોતો (૨૫) લેચકો (૨૭) ગુડા (૨૮) ચાંવત (૩૧) સોજારો (૩૨) ચોસ (૩૪) સોપ (૩૫) નોં (૩૭) ભા

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૧૨-૧૮ | ગાંધીધામ | દ્રિષ્યા, પ્રીતી પ્રકાશ શાંતીલાલ મોમાયા | - | પુત્રી |
| ૨૩-૧૨-૧૮ | આદીપૂર | ક્રિયાન, કોમલ કુનાલ મનોજ બાબુભાઈ લોડાયા | સાંધવ | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૧૨-૧૮ | ઘાટકોપર | ગૌરવ સતીશ કાનજી વિકમશી | સુથરી (રાણપર) | ૩૦ |
| | ચીંચબંદર | જીનાલી કેતન ધનજી મોમાયા | વરાડીયા | ૨૪ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૧૨-૧૮ | બોરીવલી | આકાશ જયેશ પ્રતાપરાય ચિતલીયા | મહુઆ | ૨૮ |
| | મુલુંડ | રિધ્ધિ પ્રમેશ હંસરાજ દંડ | સાંધવ | ૨૭ |
| ૧૮-૧૨-૧૮ | ભાંડુપ | ચિંતન કુમાર બાબુભાઈ દંડ | તેરા | ૨૫ |
| (ભુલ સુધાર) | ભાંડુપ | દિશા અશોકભાઈ ભવાનજીભાઈ પટેલ | હડાળા | ૨૬ |
| ૨૧-૧૨-૧૮ | બોરીવલી | સચિન ઉમાકાંત બાલક્રિષ્ણ ગાડ | રાજાપુર | ૩૨ |
| | ડોમ્બીવલી | ઉર્વશી સનત કુંવરજી ખોના | જખૌ | ૩૦ |
| ૨૩-૧૨-૧૮ | મુલુંડ | ધવલ શૈલેશ હરિભાઈ ગંદા | તુણા | ૨૫ |
| | મુલુંડ | વૃષ્ટિ જયેશ રાયચંદ નાગડા | સાંધાણ | ૨૫ |
| ૨૫-૧૨-૧૮ | ડોમ્બીવલી | અંકુશ ગિરીશ વીરજી દેઢીયા | મોટી વરંડી | ૨૩ |
| | ડોમ્બીવલી | રીયા રાજેશ પ્રવિણચંદ મૈશેરી | મોટી સિંધોડી | ૨૩ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૧૨-૧૮ | ડોમ્બીવલી | કેવલ દિપક કુંવરજી મોતા | રાપર ગઢવારી | ૨૫ |
| | ડોમ્બીવલી | પૂર્વી અશોક લાલજી લોડાયા | વારાપધર | ૨૪ |
| ૦૮-૧૨-૧૮ | પાચોરા | અનમોલ હિમાંશુ લાલજી લોડાયા | કોઠારા | ૨૫ |
| | ગદગ | નિધી કુમારપાલ નવીનચંદ લાલકા | લાલા | ૨૩ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૧૨-૧૮ | ડોમ્બીવલી | અમર જીતેન્દ્ર ઉમરશી ગડા | ગુંદાલા | ૩૧ |
| | ડોમ્બીવલી | ખુશ્બુ મનોજ દેવશી ધ્રોળ | ગોધરા | ૨૯ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૧૨-૧૮ | રાજકોટ | જયવંતી કિશોર લોડાયા | નાની ખાવડી | - |
| ૨૨-૧૨-૧૮ | મુલુંડ | જમકુબાઈ મુલજી લાપસીયા | કોઠારા | ૮૪ |
| ૨૩-૧૨-૧૮ | કાનપુર | કાન્તાબેન રમેશ ધરમશી | સુથરી | ૭૩ |
| ૨૭-૧૨-૧૮ | સાંગલી | ઉત્તમ કલ્યાણજી ખોના | કોઠારા | - |
| ૨૭-૧૨-૧૮ | અંબરનાથ | દામજી પાશ્વીર ઘેલાભાઈ મોતા | નલિયા | ૮૧ |
| ૨૮-૧૨-૧૮ | જલગામ | કાંતીલાલ ભવાનજી ખીમજી મોતા (પટેલ) | કુઆપધર | ૮૦ |
| ૨૮-૧૨-૧૮ | ખિરકિયા | લક્ષ્મીબાઈ ભવાનજી વેરશી નાગડા | લાલા | ૮૯ |
| ૩૧-૧૨-૧૮ | ડોમ્બીવલી | વિરચંદ આણંદજી ખોના | વાંકુ | ૭૬ |
| ૩૧-૧૨-૧૮ | ડોમ્બીવલી | લાલજી જેતશી જીવરાજ છેડા | સુજાપર | ૮૦ |
| ૦૩-૦૧-૧૯ | ડોમ્બીવલી | ધનલક્ષ્મી ગુલાબચંદ લોડાયા | બાયઠ | ૭૭ |
| ૦૩-૦૧-૧૯ | ભાંડુપ | લહેરચંદ વેલજી મૈશેરી | લાલા | ૭૯ |
| ૦૪-૦૧-૧૯ | સાંતાક્રુઝ | મા. જયવંતીબાઈ લાલજી શીવજી લાપસીયા | રંગપુર | ૯૦ |

### ધર્મ સંદેશ - ૧૩૨ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) દઢરથ (૪) શ્રાવસ્થિ (૬) નાવ (૮) પુણીયો શ્રાવક
(૧૦) ચાર (૧૧) કપુર (૧૫) અપરિગ્રહ (૧૭) રંગ
(૨૦) ગંગાણી (૨૧) નંદારાણી (૨૪) સમવસરણ
(૨૬) નવગૃહ (૨૮) સો (૨૯) અંતરીક્ષજી

ઊભી ચાવીઓ -
(૧) દર્પણ (૨) રત્નપુર (૩) બે (૪) શ્રાવક (૫) જાયો (૬) નાવ
(૭) ચામર (૯) શ્રાવિકા (૧૦) ચારૂપ (૧૨) પુના (૧૩) ઉગ્ર
(૧૪) તારંગા (૧૫) અભિનંદન (૧૬) હસ્ત (૧૮) ગણીવર
(૧૯) ઊંટડી (૨૨) રાજગૃહી (૨૩) સમતા (૨૫) સચિત (૨૭) સાંજી

# ભાવભિની શ્રધ્ધાંજલિ



## સ્વ. લહેરચંદ વેલજી મૈશેરી

લાલા - ભાંડુપ

ગુણગ્રાહી વ્યક્તિત્વ, શબ્દભંડોળના સ્વામી, અનેકાનેક સન્માન પત્રોના લેખક,
ભાવુક હૃદયી, ટોચના સામાજીક કાર્યકર, શીઘ્ર કવિ અને અનેકવિધ રચનાઓ - ગીત કંડારનારા,
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ** ને જગપ્રસિદ્ધી અપાવનારા
કવિશ્રી લહેરચંદભાઈને હૃદયપૂર્વક ભાવભીની શ્રધ્ધાંજલિ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ**

**શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસરજી અને મહાજન ટ્રસ્ટ**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ - મોટી સિંધોડી**
**કોઠારા સ્થાને નમતા મા ચામુંડા પહેડી સમિતિ**
માતુશ્રી રતનબેન દામજી કેશવજી મોમાયા પરિવાર – મોટી સિંધોડી
શ્રી સોમચંદ વેલજી લોડાયા – આરીખાણા
શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા – બાયઠ

# તેરેંજા તેજસ્વી ને નાંદેડજા નરવીર
# શ્રી કેતન કુલિનકાંત ગોવિંદજી નાગડા



## *જે બૈ યાર ચુંટાઈ આયા તેકે ફરી ફરી વધાઈ...*

પિતા કુલીનકાંત ને માતા મધુ જે કુક્ષે,
જન્મ્યા કેતનકુમાર કુલીનકાંતભાઈ ગોવિંદજી નાગડા
સાધા-સીધાને સરળ, સ્વભાવેં ભારી નિખાલશ
ખૂબ ભણી અગ્યા વધી, માનવ સેવા કરેજી હુઈ વડી ધગશ

નાંદેડ ગુજરાતી સમાજજા, પ્રમુખ થૈ સેવાડીયે ધરખમ
ગુજરાતી સમાજ જે વિકાસલા યોજનાંઉ કરે, કમ કરીયેં હરદમ

ગુજરાતી શિક્ષણ સંસ્થાજી, જડેં સેવા કયાં સેવા કયાં જોરદાર
તડેં ફરી પણ મણિચા વધુ વોટથી, ચુંટાઈ આચા કેતનકુમાર



એંસી એંસી વરેજી જુની સંસ્થા, તેમે નાં કદ્યાં શાનદાર
તેંસે માડુ આંકે મથાઈ મથ વધાયું ડીચે જેજી ખુશીજો નર્યો પાર

શિક્ષણ ક્ષેત્રે ભલે ભન્યા પ્રમુખ વરી પણ એડીજ સેવા કીજા મન લગાઈ
ભાર્યા મિનલને પુત્તર જિનેન અને સુમિત, જેંજી ખુશી મનમેંના સમાઈ

ભા-પારસને દિપાલી ને અજય ને સોનલ ભેણ પણ,
આંકે હરખે હરખે ડીયેં વધાઈ

ધન્ય-ધન્ય કેતનભાઈ જે નેંઢી વયમે થ્યા બઇવાર
ગુજરાતી સમાજ અને ગુજરાતી શિક્ષણ સંસ્થાના પ્રમુખ

ધુનચિામેં પિંઢલાત જીવેં જિજજા, પરાયેલા જીવધલ ઈ નરવંકા
રશ્મિન ચેં અંઇત એળો જીવન જીવજા જે, માનવ સેવાજા વજાય છડીજા ડંકા

*રશ્મિન ખોના (તેરા-મુંબઈ)*



*શુભેચ્છા સહ આશીર્વાદ*

**માતોશ્રી લિલાવંતી ગોવિંદજી નાગડા સમસ્ત પરિવાર**
**(તેરા - નાંદેડ)**

# શ્રી કચ્છી દશા ઓસવાલ, નાંદેડ.

## જ્ઞાતી ના ગૌરવ

અધ્યક્ષ



**કેતન નાગડા**

સદસ્ય



**દિપેશ લોડાયા**

સદસ્ય



**ભાવેશ નાગડા**

મહારાષ્ટ્ર રાજ્ય માં શૈક્ષણિક ક્ષેત્ર મા પ્રખ્યાત અને નાંદેડ
શ્રી ગુજરાતી સમાજ નું ગૌરવ એવી એંસી વર્ષ જુની
**ગુજરાતી શિક્ષણ સંસ્થા, નાંદેડ** ની ત્રૈવાર્ષીક ચુંટણી
**વર્ષ ૨૦૧૮-૨૦૨૧** મા **કચ્છી દશા ઓસવાલ જ્ઞાતી** નાં
**શ્રી કેતન કુલીનકાંત નાગડા** ની અધ્યક્ષ પદે તેમજ
**શ્રી દિપેશ હિરાચંદભાઈ લોડાયા** અને **શ્રી ભાવેશ દિનેશભાઈ નાગડા**
ની સદસ્ય પદે બહુમત થી ચુંટાઈ આવ્યા બદ્દલ જ્ઞાતી ગૌરવ અને
હર્ષ ની લાગણી અનુભવે છે તથા આપણી સમાજસેવા દિર્ઘકાળ
સુધી પ્રાપ્ત થાય અને આપણા નિરામય સ્વાસ્થ્ય માટે
પ્રભૂ પ્રાર્થના સહ હાર્દીક શુભેચ્છા....!

શુભેચ્છુક

**શા ગોવિંદજીભાઈ આણંદજી નાગડા પરિવાર**
**શા નેણસીભાઈ ભિમશી લોડાયા પરિવાર**
**શા ચિમનલાલભાઈ આણંદજી નાગડા પરિવાર**

**CDO Prakash Samiksha** **R.N.I.No. MAHGUJ/1998/04640**
Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રધ્ધા સુમનની આદરાંજલિ



જન્મ :
તા. ૬-૩-૧૯૪૯

અરિહંત શરણ :
તા. ૨૭-૧૨-૨૦૧૮

## શ્રી ઉત્તમભાઈ કલ્યાણજી જેઠાભાઈ ખોના (સાંગલી)

**મન અમારૂં મુરઝાઈ જાય છે, જોઈ છબીં આપનીં,**
**હૈયું માનવા તૈયાર નથીં, કે હયાતી નથીં આપનીં.**

સદાય હસમુખા ચહેરાથી સર્વેનું અભિવાદન કરનારા અને આવકારો આપનારા એવા ઉત્તમ આત્મગુણોથી અલંકૃત અમારા પૂજ્ય વડિલશ્રી ઉત્તમભાઇ અપાર વાત્સલ્ય અને અમી દૃષ્ટિ વરસાવતા તા. ૨૭-૧૨-૨૦૧૮ના પરલોકે સંચર્યા છે.

પરિવાર જેમનું મંદિર હતું અને કર્મ જેમનુ કર્તવ્ય હતું. સ્નેહ જેમની શક્તિ હતી અને પરમાર્થ જેમની ભક્તિ હતી પરોપકાર જેમના પગલામાં હતું અને કરૂણા જેમનાં કણે કણમાં વસતી હતી એવા અમારા વડિલ શ્રી નાં દિવ્ય આત્માને પરમ સુખ શાંતિ પ્રાપ્ત થાઓ એવી શાશન દેવશ્રીનાં ચરણે નત મસ્તકે અંતરથી પ્રાર્થના અને શિઘ્રાતિશીઘ્ર પરમપદને પ્રાપ્ત થાઓ એવી અંતરેચ્છા સાથે અમો છીએ આપના...

**શ્રીમતી લક્ષ્મીબેન કલ્યાણજી ખોના પરિવાર** **શ્રીમતી તરલાબેન રતનશી ખોના પરિવાર**

**પત્ની** : શ્રીમતી ખમાબેન ઉત્તમભાઇ ખોના
**પુત્ર-પુત્રવધુ** : સૌ. જસ્મીન દેવાંગ ખોના • સૌ. ભાવિકા કૌશલ ખોના • સૌ. કાર્તિકા નીતલ ખોના
**પૌત્ર-પૌત્રી** : હિમાંશુ, મુદિતા, યુવાન અને જીયાન ખોના
**ભાભી-ભાઇ** : શ્રીમતી જયાબેન શાંતિલાલ ખોના • લીલાબેન નવીનભાઈ ખોના • વિજયાબેન મધુકરભાઈ ખોના દિપકભાઈ કલ્યાણજી ખોના • નવલબેન માણેકજીભાઈ ખોના
**બહેન-બનેવી** : ઇન્દુબેન ગોવિંદજી ધરમશી • કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા • દમયંતીબેન હરિશભાઈ મોતા જયાબેન અરૂણભાઈ મોતા

**તેઓ શ્રી કચ્છી વિશા ઓસવાલ મહારાષ્ટ્ર એકમના પ્રમુખ, શ્રી કચ્છી દશા ઓસવાલ મહારાષ્ટ્ર એકમના ઉપાધ્યક્ષ, શ્રી સાંગલી કચ્છી જૈન સેવા સમાજના, ભૂતપૂર્વ અધ્યક્ષ, શ્રી કોઠારા કચ્છ મહાજન, શ્રી કોઠારા પાંજરાપોળ અને શાંતિનાથ જૈન મંદિર વગેરે સંસ્થાના સંચાલન મંડળમાં વર્ષો સુધી પ્રમુખપદે રહ્યા.**

| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>**C/o. Madhu Entertainment & Media Ltd.,**<br>A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. | |

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.